ડિસેમ્બર, ૨૦૨૪

અંક - ૦૨

# પરિવર્તન



Dr. K. R Shroff Foundation અને
સંલગ્ન સંસ્થાઓએ કરેલાં કામોની વિગતો

















## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત


### બાળકોના ઘડતર ક્ષેત્રે થઈ રહેલા કામોની પૂર્વભૂમિકા

- KRSF ની ટીમનું સંમેલન - નવા સંકલ્પો પાર પાડવાની નેમ ૫
- સતત શીખતા રહી મજબૂત ટીમ વર્ક થકી લક્ષ્ય પ્રાપ્તિ... ૭
- શ્રેષ્ઠતાનું સન્માન ૮
- શ્રેષ્ઠ શિક્ષક સન્માન ૯
- ભિલોડા અને વિજયનગરમાં કાર્યરત ટીમ... ૧૩

### અમારા શિક્ષકો અને તેમની નિષ્ઠા ૧૪

- પ્રકાશબા જ્યાં સુધી જમવા ન આવે ત્યાં સુધી એક પણ બાળક જમે નહીં ૧૪
- ધાડ મારવા જેવુ કામ... ૧૭

### સ્કોલરશીપ ૧૯

- સ્કોલરશીપ મેળવી રહેલી શિવાનીની વાત ૨૦
- ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ ૨૨
- બાર્બર તરીકે કામ કરતા પિતાનો દિકરો વ્રજ ડૉક્ટર બનશે ૨૩

### સંસ્કાર સિંચન ૨૪

- વ્યસની બાળકોને પ્રેમથી સાચા માર્ગે વાળ્યા ૨૪
- સંસ્કારની વાત ૨૬

### વિવિધ પરીક્ષા સ્પર્ધાઓની તૈયારી ૨૮

- ટાકાટુકાની પ્રાથમિક શાળામાં ભણતી... ૨૯
- ગામડાની દીકરીઓ નેશનલમાં... ૩૧

### સ્વાવલંબન ૩૩

ગુજરાતના વિવિધ જિલ્લામાં વસતા પરિવારોમાંથી જેમને અમે લોન આપી છે તે લોકોના જીવનમાં લોનથી આવેલા પરિવર્તનની વાતો... ૩૪

- દીકરી માટે આદર્શ પિતા બનવાની ખેવના રાખનાર હર્ષદભાઈ... ૩૪

## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત


- KRSF એ આપેલા ટેકાથી ગોપાલભાઈ સ્વપ્ન જોતા થયા ૩૫
- એક વખત સિલાઈ મશીન ખરીદવાના પૈસા નહોતા,... ૩૬

**જળ વ્યવસ્થાપન** ૩૭

જે ગામોમાં જળ વ્યવસ્થાપન કર્યું તેની વાતો ૩૯

- જેપુર ગામનું તળાવ ખોદવામાં નિમિત્ત બન્યા... ૩૯
- આદિવાસી વિસ્તારમાં ચેકડેમ રીપેરીંગ ૪૦

**વૃક્ષ ઉછેર** ૪૩

જે ગ્રામવનોમાં વૃક્ષો ઉછરી રહ્યા છે એમાંના કેટલાક ગ્રામવનોની વાતો ૪૬

- જીવતી વાડને ન કાપીએ ૪૬
- ધરતી માને તાવ આવ્યો... ૪૭

**માનવ અધિકાર** ૪૯

KRSF અને અન્ય સ્વજનોની મદદથી અનેક તકવંચિતોની વિવિધ કલ્યાણકારી યોજનાની મદદ મેળવવા અરજી થઈ છે એમાંના કેટલાક પરિવારોની સ્થિતિની વાત... ૫૧

- પહેલી પેઢીને રેશનકાર્ડ મળ્યા ૫૧
- ઝડપથી પ્લોટ ફાળવાય એમ ઇચ્છીએ ૫૩
- ૬૦૦ નિરાધાર માવતરો સાથે દિવાળી ૫૪
- રામભાઈને રામ મળ્યા ૫૫

**મળેલું સુખ વહેંચવું...** ૫૭

મળેલું સુખ વહેંચવું - KRSF દ્વારા વિવિધ સંસ્થાઓને સહયોગ ૫૭

વિવિધ સંસ્થાઓને મદદ કરીએ, આ મદદ મેળવનાર સંસ્થાના કાર્યોની વિગત ૫૮

- ગ્રામશિલ્પી અશોકભાઈ... ૫૮
- કે.આર.શ્રોફ સેવા સદનના... ૬૦
- વિચરતી જાતિના બાળકના... ૬૧
- જીવન આનંદ ચેરીટેબલ ટ્રસ્ટ... ૬૨

**અમારા પાયાના મૂલ્યો - સંસ્થાના DNA** ૬૪

# સ્થાપકની કલમે...



નવા યુગને કોણ ઘડશે ?
જનતાનો પ્રવાહ અસ્ખલિત કોણ રાખશે ?
આગામી યુગનો સ્વામી કોણ છે ?

ભૂતકાળની સમૃદ્ધિ અને વર્તમાનની વિભૂતિ ભવિષ્યને ખોળે કોણ ધરશે ?

ક્યાંક આ શબ્દો વાંચેલા ને એનો જવાબ હતો બાળકો. નાનું હોય ત્યારે બાળકને રમાડવું સૌને ગમે. કેટલાક તો કહે પણ ખરા કે ઘરમાં પગ મૂકીએ ને બાળકને હાથમાં લઈએ કે થાક ઉતરી જાય. આપણો થાક ઉતારવાનું, આપણને હસાવવાનું, આપણું બાળપણ જીવવાનું માધ્યમ બાળકો. આ બાળકને જેવું ઘડીએ એવું ઘડાય ને એનાથી જ ઉત્તમ કુટુંબ, ગામ, સમાજ અને દેશનું નિર્માણ થાય. આ વાતો નવી નથી, અનેકોએ કરી છે પણ મોટાભાગે બાળકોના ઘડતરની વાતો વાતોમાં જ થાય.. સાચી રીતે એના ઘડતરમાં ફાળો આપવાનું કેટલા કરે ? કયાંય પણ કોઈની સૌથી વધુ અવગણના થતી હોય તો એ બાળક.

નાનપણમાં દેશમાં વ્યાપેલી દરિદ્રતાની એક કવિતા વાંચેલી ને એ વખતે મનમાં નક્કી કરેલું કે આ દરિદ્રતાના નિવારણ માટે હું મથીશ. એ સમય જ્યારે આવ્યો ત્યારે થયું, શરૂ કયા મુદ્દાથી કરું ને મને લાગ્યું બાળકોથી જ કરીએ. બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં હિસ્સેદારી નોંધાવીએ. કોઈ પણ કાર્ય કરીએ તો આપણને તત્કાલ પરિણામની ઝંખના હોય. બાળકના ઘડતરમાં તત્કાલ પરિણામ નથી મળવાનું. ખેતરમાં ખેડૂત બીજને વાવે ને ધીમે ધીમે એમાંથી છોડ થાય અદ્દલ એ રીતે બાળક ઘડતરનું કામ વાવણી જેવું. ફળ આવતા સમય લાગશે પણ બીજ સારું વાવ્યું હશે તો પાક સરસ આવશે એની ખાત્રી હોય. અમે પણ સમાજ, દેશ, ગામ કેવું હોય એની કલ્પના કરી એ પ્રમાણે બાળકોના ઘડતરમાં એના સંસ્કાર સિંચન માટે મથવાનું કર્યું.

મને આનંદ છે. ૨૦૧૨માં ડો. કે.આર.શ્રોફ ફાઉન્ડેશનને શિક્ષણક્ષેત્રે કાર્ય કરવાની શરૂઆત કરી. ત્યારે કેટલું કરી શકીશ એનો ખ્યાલ નહોતો. પણ, આજે ૧૦૦૦થી વધુ કાર્યકરો વિવિધ શાળાઓમાં બાળકોના ઘડતરમાં નિમિત્ત બની રહ્યા છે એનો રાજીપો છે.

વળી શિક્ષણના ક્ષેત્રે હરણફાળ ભરવા અમારા કાર્યકરોની ટીમ દિવસે ને દિવસે વધારે સજ્જ થઈ રહી છે. એક રીતે કહું તો હવે દેશની સકલ બદલવાનું સ્વપ્ન મારા એકલાનું નથી રહ્યું. પણ, અમારી આખી ટીમ એ જુસ્સાથી મથી રહી છે.

શિક્ષણ ક્ષેત્રે કામ કરતા કરતા અન્ય કેટલાય સાથીઓ મળ્યા, જેઓ પણ ગાંધીજી જેને છેવાડાના માનવીઓ - દરિદ્રનારાયણ કહેતા તેમના કલ્યાણ માટે મથી રહ્યા હતા. આ સાથીઓનું કામ પ્રત્યે કમિટમેન્ટ- જુસ્સો જબરજસ્ત પણ ક્યાંક આર્થિક તકલીફો કામ કરવામાં પડે. સમગ્ર જીવસૃષ્ટિની સેવા કે મદદ કરવી તે ઈશ્વરની આરાધના કરવા જેવું. વળી બધુ જ અમે કરી લઈએ એ પણ શક્ય નહીં. જેમણે વર્ષો એક ક્ષેત્રમાં બદલાવ લાવવામાં આપ્યા છે એમને તો ટેકો જ કરવાનો હોય. બસ એ ટેકો કરવાનું શરૂ કર્યું. આજે દેશ આખામાં વિવિધ મુદ્દાઓ પર ભેખ ધરીને બેઠેલા અનેક કાર્યકર્તાઓના કામને ટેકો કરી શક્યાનો આનંદ છે.

પર્યાવરણનો મુદ્દો આજે ચિંતાજનક. વિશ્વ આખામાં એની ખૂબ ચર્ચા થાય. આમ જુઓ તો સારું વાતાવરણ આવનારી પેઢીને આપી જવું એ આપણી ફરજ. બાળકો સાથે કામ કરીએ તો બાળકોને સુખ પહોંચે એવું વાતાવરણ આપવા અમે મથીએ. એટલે, વૃક્ષો વાવી ઉછેરવાના કાર્યોમાં તેમજ જળસંચયના કાર્યોમાં પણ અમે હિસ્સેદારી નોંધાવી.

અનેક મહાનુભાવોએ કહ્યું છે, આપણને મળેલું સુખ આપણા એકલા સુધી રાખવું કે અન્યોને વહેંચવું ? કહે છે સુખ વહેંચવાથી વધે બસ અમે એ વહેંચવાનું નક્કી કર્યું ને આજે અનેકોના કલ્યાણમાં નિમિત્ત બની રહ્યાનો સંતોષ છે.



*બાળકો સાથે પ્રતુલભાઈ*

# બાળકોના ઘડતર ક્ષેત્રે થઈ રહેલા કામોની પૂર્વભૂમિકા

શિક્ષકનું કામ આમ પડકાર રૂપ. વિદ્યાર્થીમાં રહેલી ખૂબીઓને શોધી તેને યોગ્ય દિશા આપવાનું કાર્ય શિક્ષક કરી શકે. વાંચન, લેખન અને ગણનમાં બાળક પાવરધું થાય એ માટે શિક્ષકે સતત મથવાનું. ભણતરની સાથે સાથે તેનું ઘડતર એ પણ યોગ્ય રીતે થાય તે દિશામાં કાર્ય પણ શિક્ષકે કરવાનું.

ક્યાંક વાંચેલું કે, શિક્ષકનું કામ માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરાવવાનું નથી. પણ અભ્યાસ પ્રત્યે બાળકમાં ઉત્સાહ જાગૃત કરવાનું. ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશને વર્ષો પહેલા શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરવાનું નક્કી કર્યું. એક શાળામાં શિક્ષકના ઘટની પૂર્તતા અમે કરી અને પછી અનેક શાળાઓમાં અમે પહોંચ્યા. શિક્ષકોના ઘડતરની સાથે સાથે બાળકોનું ઘડતર કેવી રીતે કરવું ? એનું મનોમંથન સતત ચાલ્યા કરે. આ મનોમંથન અને સતત શીખતા રહીને શિક્ષણ ક્ષેત્રે જે કાર્યો કર્યા તેની ઝાંખી...

## KRSF ની ટીમનું સંમેલન –નવા સંકલ્પો પાર પાડવાની નેમ

“તમારા થકી અમે નક્કી કરેલા સ્વપ્નો પૂર્ણ કરી રહ્યા છીએ. મારી સંપત્તિનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે. તમે સૌ અમારી સાથે આવ્યા માટે આ કાર્યો થઈ શક્યા માટે તમારા સૌનો આભારી છું...”

અમારા પ્રતુલભાઈ શ્રોફે અમારા વાર્ષિક સંમેલનમાં ઉપસ્થિતિ KRSF ના ૧,૦૦૦ થી વધારે સાથીઓને સંબોધતા આ કહ્યું.

સંસ્થાના પ્રમુખ ઉદયભાઈએ પણ આપણે કેવી નિસબત કેળવવી જોઈએ તેની વાત કરતા, ઉદયપુર પાસેના એક આદિવાસી ગામમાં બાળકોને ભણાવતી આંગણવાડી કાર્યકરની વાત કરી. એના કાર્યને દરરોજ કોઈ જોતું નહોતું. પણ, એ એનું કર્મ એ પણ નિષ્ઠા સાથે કરી રહી હતી ને બાળકોને નવું નવું શીખવવા પોતે રોજ સજ્જ થતી હતી. તેની વાત કરી ટીમને ઉત્સાહિત કરી.

સાબરકાંઠાના હિંમતનગરમાં KRSFના તમામ સાથીઓ ભેગા થયા. KRSF ૧૭ જિલ્લાના ૧,૨૦૦ થી વધારે ગામોમાં ૮૧,૨૦૦ બાળકોના શિક્ષણ અર્થે કાર્ય કરે. બાળકો સાથે પ્રવૃત તમામ ટીમના સભ્યોનું નિયમિત મળવાનું ન થાય પણ સંમેલનમાં સૌ મળે ને એકબીજા સાથે પોતે શું કરી રહ્યા છે તેની ચર્ચા કરે. વળી સંસ્થાનો વ્યાપ કેટલો એ પણ સૌને ખ્યાલ આવે.

સંમેલનમાં KRSF સાથે પાછલા દસ વર્ષથી સંકળાયેલા સંસ્થાના સંનિષ્ઠ કાર્યકરો આમ તો સંસ્થાને વરેલા ૫૦ કાર્યકરોનું સન્માન થયું. સન્માન લેતી વખતે સૌના મોઢા પર પોતે એક

શુભ આશય સાથે કાર્ય કરનારી સંસ્થાનો હિસ્સો બન્યાનું ગૌરવ ઝળકતું હતું. ઉપસ્થિત ટીમમાંથી કેટલાક શિક્ષકોએ, ટીમલીડરે KRSFમાં જોડાયા પછી પોતાના જીવનમાં શું ફેર પડ્યો તે અનુભવો કહ્યા.

પ્રતુલભાઈ વ્યાવસાયિક રીતે સફળ ઉદ્યોગપતિ. વ્યવસાયમાં એમણે જે રીતે સંકલ્પો કર્યા, લક્ષ્ય નિર્ધારીત કર્યા એ રીતે KRSFમાં પણ એમણે ટીમ સાથે રાખીને લક્ષ્ય નક્કી કર્યા. જેમાંનું સૌથી અગત્યનું આવનારા પાંચ વર્ષમાં ૫ લાખ બાળકોના શુભમાં નિમિત્ત બનવાનું નક્કી કર્યું.

ટીમ લીડર તરીકે કામ કરતા સંજયભાઈએ કહ્યું, KRSFમાં જોડાયા પછી ગામમાં, સમાજમાં એમનું માન વધ્યું છે. બેકારીનો અનુભવ એમણે લાંબા સમય સુધી કર્યો. પણ સંસ્થાએ હાથ પકડ્યા પછી જીવન જ બદલાઈ ગયું. સંસ્થા જેમ ગોલ સેટ કરે એમ સંજયભાઈએ વ્યક્તિગત જીવનમાં પણ કેટલાક લક્ષ્ય નક્કી કરેલા, જેમાંના ઘરનું લક્ષ્ય પૂરું થયાનું એમણે હર્ષભેર કહ્યું.

સંમેલન આખો દિવસ ચાલ્યું. સૌએ ખૂબ વાતો કરી અનુભવો શેર કર્યા. ટીમવર્ક મજબૂત થાય એ માટેની વિવિધ રમતો રમી ને છેલ્લે ગરબા રમી વર્ષ પછી ફરી મળીશુંના વાયદા સાથે સૌ છૂટા પડ્યા...

એક વ્યક્તિએ... એટલે કે પ્રતુલભાઈએ એક સ્વપ્ન સેવ્યું ને એ સ્વપ્ન પૂર્ણ કરવા ઉદયભાઈ જેવા મજબૂત સાથી ને પછી તો આખી ટીમ મળી. તેર વર્ષ પહેલાં KRSF રૂપી નાનકડો છોડ વાવ્યો જે આજે વટવૃક્ષ બન્યો ને એના થકી લાખો જીવોનું કલ્યાણ થઈ રહ્યું છે..

સંપત્તિ ઈશ્વર ઘણાને આપે. પણ, આ રીતે સદઉપયોગ કરવાનું સૌ શીખી જાય તો દુનિયાના ઘણા દુઃખો દૂર નહીં તો ઓછા ચોક્કસ કરી શકાય...

કુદરત સૌને સૌના શુભમાં નિમિત્ત બનાવે તેવી પ્રાર્થના...



અમારા પૂરક શિક્ષકો

# સતત શીખતા રહી મજબૂત ટીમ વર્ક થકી લક્ષ્ય પ્રાપ્તિ માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન

સંસ્થા દ્વારા કાર્યકર્તાઓ (શિક્ષકો, ટીમલીડર, ક્લસ્ટર હેડ વગેરે) ની કાર્યક્ષમતા વધે, મજબૂત ટીમવર્ક સાથે એ લોકો સતત શીખતા રહીને કામ કરે, તે માટે સતત તાલીમ કાર્યક્રમો ચાલતા રહે.

તાલીમ વર્ગોમાં આદાન પ્રદાનની પ્રક્રિયા થાય. અમે ગુજરાતના ૨૦ જિલ્લામાં કામ કરીએ. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા અમારા કાર્યોમાં દરેક વિસ્તારના અનુભવો જુદા. દરેક વ્યક્તિ પોતાની રીતે ઉત્તમ કરવા કોશિશ કરે. આ બધાનું આદાન પ્રદાન અમારી તાલીમ દરમ્યાન થાય ને એમાંથી કાર્યકર્તાઓ શીખે. દર વર્ષે અમે લીડરશીપ, સંસ્કાર સિંચન, શિક્ષણ, તાલીમનું આયોજન કરીએ. વેકેશન દરમ્યાન અમારા તાલીમ વર્ગો ખાસ ચાલે, જેથી નિશાળો ચાલતી હોય એ દરમ્યાન બાળકોના ઘડતરમાં ધ્યાન આપી શકાય ને શાળામાં રજા ન પડે.

વર્ષ ૨૦૨૪માં અમે કુલ ૭૧ તાલીમ વર્ગો કર્યા. જેમાં ૧૦૦૭ શિક્ષકો, ટીમલીડર, ક્લસ્ટરહેડ વગેરેને તાલીમ આપી...









*તાલીમ લઈ રહેલા શિક્ષકો*

# શ્રેષ્ઠતાનું સન્માન

KRSF ની ટીમ હવે ઘણી મોટી થઈ. ૧૦૦૭ થી વધારે તો શિક્ષકો ને એ શિક્ષકોના કામની ભાળ રાખનાર ટીમલીડર. આ ટીમલીડરને પણ માર્ગદર્શન આપનાર દરેક વિસ્તારના ક્લસ્ટર હેડ. મજબૂત માળખું ને સતત તાલીમ. એનાથી અમે ૮૧,૨૦૦ બાળકોને ભણાવવાનું કરી રહ્યા છીએ, અને આવનારા દાયકામાં ૧૦ લાખ બાળકોના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવામાં નિમિત્ત બનવાનો લક્ષાંક છે. અમે સંસ્થાના પાયાના મૂલ્યો અને DNA ને લઈને કાર્યકરોની વખતો વખત તાલીમ કરીએ. કાર્યકર મૂલ્યો અને DNAનો અમલ એમના કાર્યોમાં કરે, અને એનાથી એમના કાર્યમાં શું ફેર પડ્યો તે અંગે લેખિતમાં અમને વિગતો મોકલે. આ વિગતોનું અમે મૂલ્યાંકન કરીએ ને એના આધારે એમને બેસ્ટ ટીચર, બેસ્ટ લીડર, સેલ્ફ ઈમ્પ્રુવમેન્ટ, ગોઇંગ બિયોન્ડ ડ્યુટી એમ વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવાનું કરીએ. આનાથી કાર્યકરોમાં કામ કરવાનો ઉત્સાહ જાગે ને કામની ગુણવત્તા વધે, પરિણામ પણ ઝડપથી મળે.



*ટીમ લીડરને બીરદાવતા પ્રતુલભાઈ અને ઉદયભાઈ*

સંસ્થાના સ્થાપક આદરણીય શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને પ્રમુખ શ્રી ઉદયભાઈ દેસાઈનું માર્ગદર્શન ટીમને સતત મળ્યા કરે અને એટલે જ નિર્ધારીત લક્ષ્ય સુધી પહોંચવાનું શક્ય બને છે.

મજબૂત ટીમ થકી અમે જે શાળાઓમાં કામ કરીએ તે શાળામાં ભણતા નીચેની વિગતે વિદ્યાર્થીઓને અમે વાંચન, લેખન અને ગણનમાં મજબૂત કરી શક્યા.

| વિગત | કેટલા બાળકોને પાવરધા કરવા પ્રયત્નો કર્યા | વાંચન, લેખન, ગણન શીખી ગયેલ બાળકોની સંખ્યા |
|---|---|---|
| વાંચન | ૯,૮૫૯ | ૧૫,૭૭૯ |
| લેખન | ૯,૪૨૩ | |
| ગણન | ૭,૭૫૬ | |



*બીજમાંથી વટવૃક્ષ બનેલી KRSF ની ટીમ*

# શ્રેષ્ઠ શિક્ષક સન્માન

વિલિયમ આર્થર વોર્ડ નામના શિક્ષણશાસ્ત્રીએ બે દાયકા અગાઉ સારા શિક્ષકની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે, 'જે શિક્ષક મિડિયોકર હોય, તે બાળકોને માત્ર માહિતી આપે. સારા શિક્ષકો આ માહિતીને સમજાવે. વધુ ચડિયાતા શિક્ષકો તેના વ્યવહારું ઉપયોગો ભણાવે. પણ, શ્રેષ્ઠ શિક્ષક તે વિદ્યાર્થીને આ માહિતીનો જીવનમાં ઉપયોગ કરવાની પ્રેરણા પૂરી પાડે છે.'

અમે દેશના ભાવિને ઘડવા શિક્ષણ ક્ષેત્રે કામ કરીએ અને એ કાર્યમાં મહત્વનો ભાગ શિક્ષકો ભજવે. અમે અમારા શિક્ષકોના ઘડતરમાં મહત્તમ સમય આપીએ. જેથી એ ભવિષ્ય નિર્માણનું કામ ઉત્તમ રીતે કરી શકે. દર મહિને ઉત્તમ કામગીરી કરનાર શિક્ષકોની પસંદગી તેમના ટીમ લીડર કરે. અમે એમનું એવોર્ડ આપી સન્માન કરીએ જેથી તેમનો કામ કરવાનો ઉત્સાહ વધે, તેમને પ્રેરણા મળે.

જુલાઈ થી સપ્ટેમ્બર મહિના દરમ્યાન બાળકોના ઘડતરમાં સંસ્થાના પાયાના મુલ્યો અને DNA ને લઈને જેમણે ઉત્તમ કાર્ય કર્યું તેવા શિક્ષકોને એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા.



*ઉદયભાઈ અને પ્રતુલભાઈ KRSFની ટીમ સાથે*



*શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન મેળવેલા શિક્ષકો*

## સન્માન પામેલા શિક્ષકોની વિગત

| ક્રમ | એવોર્ડનું નામ | માસ | નામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ શિક્ષક | જુલાઈ | મલ્લિકાબેન દાનાભાઈ રાઠોડ | પોશીના | સાબરકાંઠા |
| ૨ | શ્રેષ્ઠ શિક્ષક | જુલાઈ | પ્રતિક્ષાબેન વિષ્ણુભાઈ પટેલ | વડાલી | સાબરકાંઠા |
| ૩ | શ્રેષ્ઠ શિક્ષક | જુલાઈ | રિંકલબેન ધવલકુમાર પ્રજાપતિ | ભિલોડા | અરવલ્લી |
| ૪ | શ્રેષ્ઠ શિક્ષક | જુલાઈ | રાહુલભાઈ લાલજીભાઈ સોલંકી | વિજયનગર | સાબરકાંઠા |
| ૫ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | ચિરાગકુમાર રામાભાઈ પ્રજાપતિ | દાંતા | બનાસકાંઠા |
| ૬ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | ઉત્સવકુમાર નાનજીભાઈ બરંડા | ભિલોડા | અરવલ્લી |
| ૭ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | કીર્તિકુમાર ઈશ્વરભાઈ રાઠોડ | ઈડર | સાબરકાંઠા |
| ૮ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | ભાવનાબેન રામજીભાઈ રેવડ | વિજયનગર | સાબરકાંઠા |
| ૯ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | અંજલીબેન કીર્તિકુમાર દરજી | પોશીના | સાબરકાંઠા |
| ૧૦ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | દયાબેન જગદીશભાઈ દેરવાલિયા | ગઢડા | બોટાદ |
| ૧૧ | શ્રેષ્ઠ શિક્ષક | ઑગષ્ટ | નિમિષાબેન પરેશકુમાર પ્રજાપતિ | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| ૧૨ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | અખ્તરબાનુ ફરિદભાઈ શેખ | હિંમતનગર | સાબરકાંઠા |
| ૧૩ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | અરવિંદકુમાર નાનજીભાઈ સોલંકી | પોશીના | સાબરકાંઠા |
| ૧૪ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | વિશાલભાઈ ઈશ્વરભાઈ વસાવા | સાગબારા | નર્મદા |
| ૧૫ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | પારૂલબેન પ્રકાશભાઈ પ્રજાપતિ | મેઘરજ | અરવલ્લી |
| ૧૬ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | ધારાબેન અરવિંદભાઈ ચૌધરી | ભિલોડા | અરવલ્લી |
| ૧૭ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | દિપીકાબેન હરેશભાઈ પટેલ | ગઢડા | બોટાદ |
| ૧૮ | શ્રેષ્ઠ શિક્ષક | સપ્ટેમ્બર | નિર્મલબેન વિઠ્ઠલભાઈ પટેલ | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| ૧૯ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | શીતલબેન હસમુખભાઈ પ્રજાપતિ | મેઘરજ | અરવલ્લી |
| ૨૦ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | નિલ્કાબેન રાકેશકુમાર વાઘેલા | ઇડર | સાબરકાંઠા |
| ૨૧ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | મિત્તલબેન રમેશભાઈ માંગુકિયા | ગઢડા | બોટાદ |
| ૨૨ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | આશિષકુમાર વણકરભાઈ વસાવા | સાગબારા | નર્મદા |
| ૨૩ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | ક્રિશ્નાબેન સંજયભાઈ ભેસાણીયા | બાબરા | બોટાદ |
| ૨૪ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | જીગલબેન મનોજભાઈ પ્રજાપતિ | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| ૨૫ | શ્રેષ્ઠ શિક્ષક | ઓક્ટોબર | ભરતસિંહ ગગુસિંહ ચૌહાણ | વિજયનગર | સાબરકાંઠા |
| ૨૬ | ઉત્કૃષ્ટ પ્રદર્શન | ઓક્ટોબર | અંજનાબેન ભરતસિંહ વસાવા | ડેડીયાપાડા | નર્મદા |
| ૨૭ | ઉત્કૃષ્ટ પ્રદર્શન | ઓક્ટોબર | મનિષાબેન જયેશકુમાર વસાવા | ડેડીયાપાડા | નર્મદા |
| ૨૮ | ઉત્કૃષ્ટ પ્રદર્શન | જૂન થી ડિસેમ્બર | પૌલોમી સુમિત પટેલ | ઑફીસ | અમદાવાદ |
| ૨૯ | ઉત્કૃષ્ટ પ્રદર્શન | જૂન થી ડિસેમ્બર | વિકાસકુમાર મહેન્દ્રકુમાર વોરા | ઑફીસ | સાબરકાંઠા |
| ૩૦ | ઉત્કૃષ્ટ પ્રદર્શન | જૂન થી ડિસેમ્બર | પાર્થ દિપકભાઈ ખલાસ | ઑફીસ | અમદાવાદ |

## જેમને શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન મળ્યું તે...













































## જેમને શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન મળ્યું તે...










































# ભિલોડા અને વિજયનગરમાં કાર્યરત ટીમમાંથી જેમનું સન્માન થયું તે...



*અરવલ્લી અને ભિલોડા તાલુકામાં વિવિધ શાળામાં ભણાવતા શિક્ષકોમાંથી તેમજ તેમના ટીમ લીડરમાંથી સન્માન પામેલા શિક્ષકો*

અરવલ્લીનાં ભિલોડા અને વિજયનગરમાં કામ કરતી અમારી ટીમના યશસ્વી કાર્યકરોને આદરણીય પ્રતુલભાઈ મળ્યા. બેય તાલુકાના મળીને કુલ ૧૩૦ થી વધુ શાળાઓમાં શિક્ષકોની ઘટ. એ બધી જ શાળાઓમાં ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા પૂરક શિક્ષકોને મૂકી તે ઘટને પૂરી કરી. હવે, તે શિક્ષકો KRSFના મૂલ્યો અને તેના DNA ને ધ્યાનમાં રાખીને બરાબર તો ભણાવે છે કે નહિ? અને તેમને જો કોઈ મદદ, કે કોઈ બાબતમાં ના સમજ પડે, તો તે પણ પોતાના ઉપરીની સલાહ લઇ શકે માટે ટીમ લીડર મૂકવામાં આવ્યા. તે ટીમ લીડર તેમનું સતત મૂલ્યાંકન કરતા રહે. તેમની કોઈ સારી કામગીરી હોય જેમકે તેમને કંઈક નવું કાર્ય બાળકો માટે કર્યું હોય, પોતાનીની ફરજથી વધારે બીજું કંઈક સારું કામ કર્યું હોય, તેમનામાં કોઈ સારો સુધારો લાવ્યા હોય તો તે વિશે તે જાણે અને નોંધે. આ મૂલ્યાંકનનાં આધારે સર્વશ્રેષ્ઠ કામગીરી કરનાર કાર્યકરનું સન્માન થાય. ગત એક વર્ષ દરમિયાન આ બેય તાલુકામાં કામ કરનારા શિક્ષકો અને ટીમ લીડરોનું બેસ્ટ ટીચર, સેલ્ફ ઈમ્પ્રુવમેન્ટ, ગોઇંગ બિયોન્ડ ડ્યુટી અને બેટ લીડર જેવી કેટેગરીમાં અવ્વલ હતા તેમને પોંખ્યા. તે તમામે પોતાના કાર્યમાં એવું તે શું કર્યું કે તેઓ આ એવોર્ડના હકદાર બન્યા તેની વાત પ્રતુલભાઈ સમક્ષ કરી...

# અમારા શિક્ષકો અને તેમની નિષ્ઠા

*ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ ।*
*ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥*

*આપણી સંસ્કૃતિમાં શિક્ષકોનું સ્થાન બહુ મહત્વનું. શિક્ષક બાળકોનું ઘડતર કરે. સંસ્કારિતા, સભ્યતા અને ચારિત્ર્યના પાઠ એ બાળકોને ભણાવે. શિક્ષક માત્ર પુસ્તકીયું જ્ઞાન જ નથી આપતા, તે એક-એક બાળક એક-એક વિદ્યાર્થીની ચેતનાને સ્પર્શ કરે છે. દરેક પેઢીનું ઘડતર શિક્ષક કરે અને એ પેઢીઓ સમાજને ઘડે. આમ રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષકનું સ્થાન અનન્ય છે.*

*KRSF ની ટીમમાં કાર્યરત ૧,૦૦૭ શિક્ષકો સમાજને પોતાનું ઉત્તમ આપવા કોશિશ કરે. આ શિક્ષકોમાંથી જેમણે ઊડીને આંખે વળગે તેવા પ્રયત્નો એ જે બાળકોને ભણાવે તેમના માટે કર્યા તેની વાત.*

## પ્રકાશબા જ્યાં સુધી જમવા ન આવે ત્યાં સુધી એક પણ બાળક જમે નહીં..

ક્યાંક વાંચેલું કે, એક વ્યક્તિએ એક શિક્ષકને પ્રશ્ન પૂછ્યો કે, તમે શું કામ કરો છો?

શિક્ષકે જવાબ આપ્યો, "હું હીરા ઘસું છું... હીરા- હીરાની ફેક્ટરીનાં નહીં પણ મારી નિશાળના. એને ઘસીને ચમકતા કરું છું..."

શિક્ષકની ખરી ભૂમિકા શું? તેનો યોગ્ય જવાબ શિક્ષકે આપ્યો. ગાંધીજી પણ એટલે જ કહેતા કે, "હીરાનો પ્રકાશ બાહ્ય પણ શિક્ષક જેને તરાશે એ વિદ્યાર્થી અંદરથી ચમકવા માંડે." શિક્ષકોની ભૂમિકાને લઈને અવાર નવાર



*વાંચન, લેખન અને ગણનમાં નબળા વિદ્યાર્થીઓને એમના ઘરે જઈને ભણાવતા પ્રકાશબા*



બાળકોને ભણાવવા પોતાની સાથે ટીચીંગ-લર્નિંગ મટીરીયલ લઈને તેમના ઘરે જતા પ્રકાશબા

ખૂબ વાતો થાય. આમ જુઓ તો દરેક વ્યક્તિના જીવનમાં શિક્ષકો પોતાની એક છાપ પાડે ને એ છાપથી અસંખ્ય બાળકોનું ઘડતર થાય.

અમે ૮૧,૨૦૦ થી વધુ બાળકોના જીવનમાં શિક્ષણરૂપી જ્યોત પ્રકાશિત થાય તે માટે પ્રયત્ન કરીએ, અને એ માટે અમારી પાસે સંનિષ્ઠ શિક્ષકોની મોટી ફોજ પણ ખરી. શિક્ષકોની તાલીમ પર અમે ખૂબ ભાર આપીએ. તાલીમથી માણસનું ઘડતર થાય. યોગ્ય તાલીમ લીધેલા વ્યક્તિ પાસેથી ઈચ્છીત કામ પણ લઈ શકાય. કદાચ અમારા તાલીમબદ્ધ શિક્ષકોના કારણે જ અમે જે બાળકોને ભણાવીએ તેમાં ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શક્યા છીએ.

હમણાં સાબરકાંઠાના વડાલીના કડિયાકંપાની પ્રાથમિક શાળામાં છેલ્લા કેટલાક વર્ષથી ભણાવતા અમારા પ્રકાશબાની એક નવી વાત જાણવા મળી. કડિયાકંપામાં શિક્ષકની ઘટ હતી એટલે KRSF એ પ્રકાશબાને ત્યાં મૂક્યાં.

પ્રકાશબાના વર્ગમાં ભણતા બાળકો શિક્ષકથી ડરે. શાળાના તમામ શિક્ષકો માયાળુ પણ બાળકો ડરે. આ ડરને દૂર કરવા પ્રકાશબાએ ઘણી વાતો કરી. પણ, બાળકોના મનમાંથી ભય એકદમ દૂર ન થાય. વ્હાલ કરતા બાળકો પ્રકાશબાને ગમે. એમણે એક કીમિયો કર્યો. જમવાનો સમય થાય એટલે



પ્રકાશબા બાળકો સાથે
દૂધમાં સાકાર ભળે તે રીતે ભળી ગયા



બાળકો સાથે ભોજન લઈ રહેલા પ્રકાશબા

બાળકો સાથે પ્રકાશબા પણ પોતાનું ટિફિન લઈને બેસે. શરૂઆતમાં બાળકોને નવાઈ લાગી. મોટાભાગે શિક્ષકો સ્ટાફરૂમમાં જમે. પણ, પ્રકાશબા તો અનોખા શિક્ષક હોવાનું એમને લાગ્યું. ધીમે ધીમે બાળકો એમની નજીક આવ્યા. તેમની સાથે ખૂલીને વાત કરતા, મસ્તી કરતા પણ થયા. આજે તો સ્થિતિ એવી છે કે પ્રકાશબા જ્યાં સુધી જમવા ન આવે ત્યાં સુધી એક પણ બાળક જમે નહીં...

આ પ્રેમથી જ એમણે જે અનિયમિત બાળકો હતા તે બધાને નિયમિત કર્યો. અમારી આ કેળવણીમાં પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ અન્ય સ્ટાફની પણ પ્રકાશબાને મદદ મળી. એમણે પ્રકાશબાને પ્રોત્સાહન આપ્યું. મારા મતે કોઈને પ્રોત્સાહીત કરવું પણ ખૂબ અગત્યનું.

પ્રકાશબાએ બાળકો પ્રત્યે જે લાગણી દર્શાવી, બાળકો એ ક્યારેય નહીં ભૂલે. અમારી પાસે પ્રકાશબા જેવા શિક્ષકો હોવાનું ગૌરવ...



પ્રકાશ બાના પ્રયાસથી બાળકો અને શિક્ષકો વચ્ચેનું અંતર ઘટ્યું...

# ધાડ મારવા જેવું કામ...



રોહિત સતત ગેરહાજર રહેતા તેનું કારણ જાણવા તેના ઘરે પહોચ્યા પૂરક શિક્ષક મોહસીનભાઈ

'શાળાનો ઓરડો પડી જશે તો બાળકોને વૃક્ષ નીચે બેસાડી ભણાવી શકાશે. પણ, શિક્ષક બાળકો પ્રત્યે ઉદાસીન બની જશે, એના કર્તવ્યથી એ પીછેહઠ કરશે તો કંઈ કેટલાય બાળકોનું ભાવી અધ્ધરતાલ થઈ જશે..'

એટલે જ શિક્ષકની ભૂમિકા બાળકોના જીવનમાં ખૂબ અગત્યની એ અંગે વારંવાર બોલવામાં આવે..

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન શૈક્ષણિક પ્રવૃતિ થકી દેશ નિર્માણમાં પોતાનું યોગદાન આપે. ૮૧,૨૦૦ થી વધારે બાળકોના ઘડતરમાં અમારા શિક્ષકો મહત્વની ભૂમિકા ભજવે... આ શિક્ષકોને પણ અમે બરાબર ઘડીએ...

હમણાં દાંતા તાલુકાની દાંતા-૧ પગાર કેન્દ્ર શાળામાં ભણતો રોહીત સતત ગેરહાજર રહેતો હોવાનું આ શાળામાં KRSF એ મૂકેલા પૂરક શિક્ષક મોહસીનભાઈના ધ્યાનમાં આવ્યું. શાળાના આચાર્ય સાથે પણ આ બાબતે વાત થઈ. એમણે કહ્યું, બાળકના ઘરે જઈને તપાસ કરો તો વધુ ખ્યાલ આવે. આમ પણ KRSFના શિક્ષકો જે બાળકોને ભણાવે તે બાળકોના વાલીઓને મળવા પણ વખતો વખત જાય. આ અમારી તાલીમનો ભાગ ને શિક્ષકના મૂલ્યાંકનમાં પણ અમે એ કેટલી વાર બાળકોના વાલીઓને મળ્યા તે નોંધીએ. આનાથી ઘરોબો કેળવાય ને બાળકોની ચિંતા વાલીઓ સાથે શિક્ષકને છે એ પણ ક્યાંક પ્રતિપાદિત થાય.

મોહસીનભાઇ રોહિતના ઘરે ગયા અને ગેરહાજર રહેવાનું કારણ પૂછ્યું તો રોહીતની મમ્મીએ કહ્યું, 'એની પાસે ગણવેશ નથી. ને હાલ અમારી પાસે ગણવેશ ખરીદી આપવાના પૈસા નથી. પૈસા આવતા ગણવેશ ખરીદી આપીશું પણ એમાં વખત લાગશે..'



મોહસીનભાઇ અને રોહિત



રોહિતને નવો યુનિફોર્મ ખરીદીને આપતા મોહસીનભાઇ

આમ તો આ એક માની લાચારી હતી. એમને આ વાત મોહસીનભાઈને કહેતા પણ સંકોચ થતો હતો. સંકોચ થવો સ્વાભાવિક. વળી રોહીતને પિતા નહીં. મા, દાદી અને એક માનસિક દિવ્યાંગ બહેન સાથે રોહિત રહે. મા મજૂરી કરે ને ઘરનું પૂરૂ કરે. પણ આવા ચોમાસામાં મજૂરીએ ક્યાં મળે ?

પરિવારની સ્થિતિ જોઈને ઘણું ન કહેલું પણ મોહસીનભાઈ સમજી ગયા. ગણવેશની કિંમત મોટી ન હોય પણ એ ન હોવાના કારણે બાળકનું ભવિષ્ય બગડે એ એમને ગમ્યું નહીં.

મોહસીનભાઈને અમે માનદ વેતન આપીએ પણ એ કાંઈ બહુ મોટું નહીં. પણ, એ કર્તવ્યનિષ્ઠા જાણે, સમાજને ઉપયોગી થવાની ભાવના પણ એમનામાં ભારોભાર. એમણે તુરંત રોહીતને ગણવેશ લઈ આપ્યો. વાત બે કપડાની જ. પણ, રોહીતના મોંઢા પર એનાથી ચમક આવી. એ નિત નિશાળ આવતો થયો..

મોહસીનભાઈએ આપેલા ગણવેશની કિંમત પાંચસો - છસ્સો હશે... કોઈને લાગશે એમાં શું ધાડ મારી... ત્યારે હું કહીશ ચોક્કસ ધાડ મારવા જેવું કામ... એમણે રોહીતની સ્થિતિ જાણી એ બેસી ન રહ્યા. કેટલુંક આપણા હાથમાં ન હોય, એ આપણે ન કરી શકીએ. પણ અહીંયા એમના હાથમાં ગણવેશ લાવવાનું તો હતું ને એમણે એ કર્યું...

KRSF ની બાળક પ્રથમ વાળી વાત અમારા શિક્ષક સમજે એ મોહનસીનભાઈ જેવા અનેક શિક્ષકોમાં જોયું છે. બસ વાવેલું ઊગ્યાનું જોઈને અમે તો રાજી... ને મોહસીનભાઈની કાર્ય પરાયણતા ને પ્રણામ...

# સ્કોલરશીપ

એક શાળામાં ભણતું બાળક બપોરના થાળી લઈને મધ્યાહન ભોજન માટે બેસે છે. થાળીમાં ભોજન - ખીચડી પીરસાય છે. જેવી ખીચડી પીરસાઈ જાય કે બાળક થાળી હાથમાં લઈને પંગતમાંથી ઉભું થઈ જાય છે. ત્યાં ઉપસ્થિત શિક્ષકને બાળકના આ વર્તનથી નવાઈ લાગે છે. એ સવાલ નથી પૂછતા પણ એ બાળકની પાછળ જાય છે. બાળક શાળાના મુખ્ય દરવાજામાંથી બહાર નીકળી એક ઝાડ નીચે બેઠેલા બે મોટા અને બે નાના બાળકો પાસે જાય છે, ને થાળી વચમાં મૂકે છે. વચમાં મૂકાયેલી થાળીમાંથી પાંચે જણ જમે છે.

બાળક જે ગામમાં રહેતું ત્યાં બારેમાસ મજૂરી નહોતી મળતી. મજૂરી મળે ત્યારે ઘરમાં ભોજન બનતું પણ ન મળે ત્યારે ઉછીના પાછીના લાવીને બનાવવું પડે. પણ, એ દેણુંયે ફેડવાનું તો ખરું ને કોણ જાણે ઘણો સમય ભૂખ્યાંય સૂવું પડે. નિશાળમાં એક ટંક જમવાનું મળે એ જાણીને મા-બાપે નિશાળમાં દાખલ કરી શકાય એ ઉંમરના બાળકને નિશાળમાં ભણવા બેસાડ્યું, જેથી એની અન્ન સુરક્ષા જળવાય. પણ બાળક સમજદાર હતું, એ પોતાની સાથે આખા પરિવારની ચિંતા કરતું, એટલે થાળીમાં પીરસાયેલા ધાનને એણે પોતાના પરિવારના તમામ સભ્યોમાં વહેંચ્યું.

દેશમાં આ સ્થિતિમાં જીવતા માણસો છે. સરકાર એમના માટે ઘણા પ્રયત્નો કરે. હવે તો રાશનકાર્ડ પર અનાજ પણ મળે. પણ, એ બધુ જેમને કાયમી રોજગારી નથી મળતી એવા ગામોમાં રહેતા પરિવારો માટે અપૂરતું. ક્યારેક આવી સ્થિતિમાં જીવતા પરિવારો નાના બાળકોને શાળામાંથી ઉઠાડી કામે મોકલી દે.

અમે બાળકો સાથે કામ કરીએ. ઘણા બાળકો ભણવામાં ખૂબ હોંશિયાર હોય, પણ ઘરની ડામાડોળ આર્થિક હાલતના લીધે એમનું ભણવાનું છૂટે અથવા બગડે. અમે આવા બાળકો માટે સ્કોલરશીપ યોજના શરૂ કરી. જેમાં બાળકે સ્કોલરશીપ યોજનાની મદદ મેળવવા પરિક્ષા પાસ કરવી પડે. એ પણ દર વર્ષે. પરિક્ષામાં પાસ થાય એ બાળકને દર મહિને નિયત રકમની ખાદ્ય સામગ્રી મળે. ખાદ્ય સામગ્રી નિયમિત મેળવવા મા-બાપે પણ બાળક સરખું ભણે તે માટે ધ્યાન આપવું પડે.

અમે જે બાળકો સાથે કરીએ તે બાળકોનો અભ્યાસ પૂર્ણ થાય એ માટે અમે જે રીતે મથી શકીએ તે રીતે મથીએ. અમારી સ્કોલરશીપ યોજના પણ એ માટે જ કાર્યરત..

***અત્યાર સુધી અમે ૨૧૦ બાળકોને દર મહિને સ્કોલરશીપ આપી છે...***

સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી
જગત આખાને વર્ગખંડમાં લઈ આવે.

**- મનુભાઈ પંચોળી**

# સ્કોલરશીપ મેળવી રહેલી શિવાનીની વાત



શિવાનીના ઘરે પહોંચી KRSF ની ટીમ

શિવાની નિશાળમાં અનિયમિત. ભણવામાં પણ ઝાઝી રૂચિ નહીં. સામાન્ય રીતે આખા વર્ગમાંથી એક બાળકને ભણવામાં રૂચિ ન હોવાનું જોઈને મોટાભાગે શિક્ષકો થોડો પ્રયત્ન કરે પણ એ પ્રયત્નમાં સફળતા ન મળે તો મૂકી દે...

શિવાનીના કિસ્સામાં પણ શિક્ષિકા હર્ષિદાબહેન એને મૂકી દેવાનું કરી શક્યા હોત. પણ, KRSFના સિદ્ધાંતોએ એમને એમ કરતા રોક્યા. અરવલ્લી જિલ્લાના જાલમપુર નિશાળમાં શિક્ષકોની ઘટ. એ ઘટ પૂર્તી માટે હર્ષિદાબેનને ત્યાં મૂક્યા. શિવાનીની ગેરહાજરી શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા જોઈને એ શિવાનીના ઘરે ગયા.

ઘરની આર્થિક સ્થિતિ એક સાંધતા તેર તૂટે એવી.. મા-બાપ કાળી મજૂરી કરે. શિવાની પ્રત્યે એમનું ખાસ ધ્યાન પણ નહીં.

હર્ષિદાબહેને સંસ્થાનું સૂત્ર ‘‘બાળક પ્રથમ’’ એને બરાબર પોતાની કાર્યશૈલીમાં ઉતારેલું. એમણે શિવાનીને નિયમિત શાળામાં લાવવાનો પ્રયત્ન અને એ પછી ફાઉન્ડેશન દ્વારા આર્થિક રીતે નબળા બાળકોને દર મહિને સ્કોરશીપ આપવામાં આવે, તે સ્કોલરશીપ શિવાનીને મળે તે માટે પરિક્ષાની તૈયારી કરાવવાનું શરૂ કર્યું.



શિવાની અને તેની મમ્મી સાથે
વાર્તાલાપ કરતા પ્રતુલભાઈ



*બાળકોને ભણાવતા અમારા પૂરક શિક્ષિકા હર્ષિદાબેન*

શિવાનીને પણ શિક્ષિકા એનામાં રસ લે એટલે મજા પડી. એ પરિક્ષામાં પાસ થઈ અને સંસ્થા દ્વારા એને માસિક સ્કોલરશીપ મળવાની શરૂ થઈ. હવે હર્ષિદાબહેને શિવાનીના માતા પિતાને આ સ્કોલરશીપ કાયમ જોઈતી હોય તો શિવાનીએ દર ત્રણ મહિને સંસ્થા દ્વારા લેવાતી પરિક્ષા પાસ કરવી પડશે અને એ માટે એમને મહેતન કરાવવી પડશે તેમ કહ્યું.

સ્કોલરશીપ રૂપે ઘરમાં ટેકો થઈ રહ્યો હતો. એટલે મા-બાપે પણ શિવાની પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. જ્યારે હર્ષિદાબહેન તો સાથે હતા જ. સહિયારા પ્રયાસથી શિવાની હવે એના વર્ગમાં અવલ્લ નંબરે પાસ થાય છે. એને ભણીને ખૂબ આગળ વધવું છે. વળી આ સ્વપ્ન શિવાનીના મા-બાપ પણ સેવવા માંડ્યા.

સ્કોલરશીપ આપવા પાછળનો અમારો આશય પણ શિક્ષણ પ્રત્યે ઉદાસીન થયેલા હોંશિયાર બાળકોને પાછા મન લગાવીને ભણતા કરવાનો..

આદરણીય પ્રતુલભાઈ જાલમપુર ગયા ત્યારે શિવાનીના ઘરે ગયા. શિવાનીના મમ્મીએ પ્રતુલભાઈનો આભાર તેમણે સ્કોલરશીપ થકી કરેલા ટેકા માટે માન્યો.





*સ્કોલરશીપ મેળવવા દર ૩ મહીને શિવાની પરીક્ષા આપી પાસ થાય છે. સ્કોલરશીપનો ઉદ્દેશ્ય જ બાળક સતત ભણતું રહે તે. શિવાની જેવા બાળકો માટે સ્કોલરશીપ આશીર્વાદ સમાન*

# ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ



*ઉચ્ચ અભ્યાસ માટેની સ્કોલરશીપ સ્વીકારતી દીકરીઓ...*

રાધનપુર પાસેના એક ગામમાં રહેતા સોમભાઈ બજાણિયાના મા-બાપ મજૂરી કરે અને સોમભાઈને ભણાવે. સોમભાઈ ભણવામાં ખૂબ હોંશિયાર. બારમાં ધોરણમાં મેડીકલમાં જવાય એટલી ટકાવારી આવી. પણ, મા-બાપ પાસે આર્થિક સગવડ નહીં. સમાજમાં રહેલા કેટલાક શ્રેષ્ઠીઓ આ કાર્યમાં મદદ કરી શકે તેવી તેમને ખબર નહીં. એમણે બીએસસી કર્યું હાલ શિક્ષક તરીકે કામ કરે પણ જો એ વખતે ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન જેવી સંસ્થાના પરિચયમાં એ હોત તો આજે એ એમના સમાજના પ્રથમ ડૉક્ટર હોત.

આ વાત લખવાનો આશય આજે પણ આર્થિક રીતે નબળા પરિવારો પોતાના બાળકોને ઈચ્છિત ભણાવી શકતા નથી. ઘરનું માંડ પૂરું થતું હોય ત્યાં ભણવાના આવા મસમોટા ખર્ચા એમને ક્યાંથી પોસાય ? અમારા ધ્યાન પર આવા બાળકો આવે તો અમે એમને ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ આપીએ. જેથી તેઓ નિર્વિઘ્ન રીતે અભ્યાસ પૂર્ણ કરી શકે.

અમારી સ્કોલરશીપ થકી અત્યારે નીચેની વિગતે વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમોમાં આગળ વધી રહ્યા છે.

| ક્રમ | નામ | કોર્સ | કોલેજ |
|---|---|---|---|
| ૧ | વિશાલ યાદવ | ડેન્ટલ | CDSRC, અમદાવાદ |
| ૨ | વ્રજ નાયી | મેડીકલ | GMERS, ગાંધીનગર |
| ૩ | સુરેશ | મેડીકલ | GMERS, હિંમતનગર |
| ૪ | આર્યન ભાવસાર | મેડીકલ | AMC MET, અમદાવાદ |
| ૫ | પ્રિન્સ ઉપાધ્યાય | એન્જિનિયરિંગ | Nirma University, અમદાવાદ |
| ૬ | હર્ષદ ભગોરા | મેડીકલ | GMERS, અમદાવાદ |

# બાર્બર તરીકે કામ કરતા પિતાનો દિકરો વ્રજ ડોક્ટર બનશે




*ભવિષ્યનો ડોક્ટર વ્રજ*



*વ્રજના પપ્પા*

દસમા ધો.માં ૬૫ ટકા આવ્યા. સપનું તો ડૉક્ટર બનવાનું જોયું. પણ આટલા ટકાએ ડૉક્ટર કેવી રીતે થવાય?

મારું ગામ સાબરકાંઠાનું વડોથ. પપ્પા હજામનું કામ કરે. એમની પાસે એવા ઢગલો રૂપિયા નહીં કે મારી પાછળ એ ખર્ચે ને મને ડૉક્ટર બનાવે. મેં કમર કસીને ૧૧, ૧૨ ધો.માં ખૂબ મહેનત કરી. બારમાં ધોરણમાં ૮૮ ટકા ને નીટની પરીક્ષામાં ૩૯૭ માર્કસ આવ્યા. આર્યુવેદ ડૉક્ટર બની શકાય પણ મારે એમબીબીએસ થવું હતું. મેં ડ્રોપ લીધો ને નીટની પાછી તૈયારી કરી. મારુ લક્ષ્ય નક્કી હતુ. બીજી વારમાં ૫૩૧ માર્કસ આવ્યા. ગાંધીનગરમાં મને મેડીકલમાં એડમીશન મળ્યું. પણ, મારો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધીમાં મારે નહીં નહીં તોય ૪૫ લાખ ફી પેટે ભરવાના થાય.. આટલા પૈસા ક્યાંથી લાવું....???

હું નિરાશ થઈ ગયેલો.. એ વખતે કેમ અમારી પાસે પૈસા નહીં એમ પણ થયું. પણ કે છે ને તમારો નિર્ધાર પાક્કો હોય ને એ નિર્ધારનો આશય શુદ્ધ હોય તો ભગવાન મદદ કરે. મેં નાનપણમાં મારા દાદાને અમદાવાદ સિવિલમાં સારવાર લેતા જોયેલા. સિવિલ ન હોત તો મારા દાદા ન બચત. એ વખતે ડૉક્ટર બનવાનું નક્કી કર્યું ને સરકારી હોસ્પિટલમાં સેવા આપવાનો નિર્ધાર કર્યો. ખાસ તો દાદા જેવા અનેક દર્દીની સારવાર કરી શકુ એ માટે... આ નિર્ધારમાં પવિત્રતા હતી એટલે મારા ગામના મિત્તલબેને મારા પપ્પાને ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન વિશે વાત કરી અને એ તમારા વ્રજને મદદ કરશેનું કહ્યું.

એ પછી અમે પ્રતુલભાઈ શ્રોફ, ઉદયભાઈ દેસાઈને મળ્યા ને મારી વાતો સાંભળી એમણે મારી ફી ભરવા મદદ કરી.

આજે હું MBBS ભણી રહ્યો છું તો ફાઉન્ડેશનના પ્રતાપે... નિસ્વાર્થભાવે આવી મદદ કરનાર આ દુનિયામાં કેટલા? મે પણ નિર્ધાર કર્યો છે. મારા જેવા એક વ્રજને તો મારી જેમ ડૉક્ટર બનાવીશ. એકથી વધુ થાય તો રાજી થઈશ પણ એકને બનાવીને સંસ્થા પ્રત્યેનું ઋણ હું અદા કરીશ..."

વ્રજ KRSF ની ઑફીસ પર આવ્યો ને એણે એની વાત અમને કરી. સંસ્થા લાખો બાળકોના જીવનમાં બદલાવ માટે પ્રયત્ન કરે. વ્રજ જેવા બાળકોએ જોયેલા સમણાં પૂરા કરવામાં નિમિત્ત બની શક્યાનો આનંદ...

# સંસ્કાર સિંચન

આજના શિક્ષણમાં બાળકોને ભણીને શું બનવાનું, કયો અભ્યાસ કરીએ તો કેટલા પૈસા કમાવી શકાય વગેરે શીખવવામાં આવે છે. પણ, તેમના ઘડતરમાં આપવું જોઈએ એટલું ધ્યાન આપવામાં આવતું નથી. બાળકોને સારી, નરસી બાબતો, વડિલોનો આદર, શાળા પરિસર, ઘર અને ગામ, દેશ પ્રત્યેની જવાબદારી, સ્વચ્છતા, હકારાત્મક અભિગમ કેળવાય તે પ્રકારની વાતો શીખવવી જરૂરી પણ તે માત્ર પુસ્તકમાં ભણાવવામાં આવે. પ્રેકટીકલ કરવામાં આવતું નથી.

અમે સંસ્કાર સિંચનનું કામ બાળકોને ભણાવવાની સાથે સાથે કરીએ. અમારા શિક્ષકો ખાસ વર્ગો તેઓ જે નિશાળમાં બાળકોના ઘડતરનું કાર્ય ત્યાં સંસ્કાર સિંચનને લઈને લે. આ વર્ગમાં જૂથમાં ચર્ચા, પ્રેરણાત્મક વિડીયો બતાવવાનું કરવામાં આવે છે અને જરૂર પડે પ્રેકટીકલ પણ કરાવવામાં આ બધાથી બાળકોની યોગ્ય કેળવણી થાય. અમે જોયું કે અમારા આ વર્ગમાં આવતા ઘણા બાળકોએ જુઠ્ઠુ બોલવાનું, પોતાના મા-બાપ સામે પહેલા તેઓ એલફેલ બોલતા એવું બોલવાનું બંધ કર્યું.

અમારા એક શિક્ષિકાબહેને સંસ્કાર સિંચનથી બે વિદ્યાર્થીઓના જીવનમાં શું ફેર પાડ્યો તેની વાત જાણીએ...

## વ્યસની બાળકોને પ્રેમથી સાચા મારગે વાળ્યા

"ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનનો ઉદ્દેશ બાળકોને ફક્ત પુસ્તકિયુ જ્ઞાન આપવાનો નથી પણ તેનો સર્વાંગી વિકાસ કરી ઉત્તમ નાગરિક બનાવવાનો છે. આ માટે બાળકની સુષુપ્ત શક્તિને ખીલવવાની સાથે તેના દુર્ગુણોને ઓળખી દૂર કરવા પણ જરૂરી"

બોટાદ જિલ્લાના ઘોઘાસમડી ગામની પ્રા.શાળામાં કાર્યરત KRSF ના પૂરક શિક્ષક રિદ્ધિબેન જ્યારે આ વાત કરી રહ્યા હતા ત્યારે તેઓની આંખમાં ચમક હતી. આ ચમક પાછળનું કારણ શાળાના ૨ બાળકો વ્યસનની ચુંગાલમાં ફસાયા હતા. રિદ્ધીબેને તેમને વ્યસન મુક્ત કરાવ્યા હતા.

રિદ્ધિબેને જોયું કે શાળાના એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને નાની ઉંમરથી ગુટકા અને માવો ખાવાનું વ્યસન થઈ ગયું છે.




વ્યસન કરતા બાળકોને સમજાવતા રિદ્ધિબેન

રિદ્ધિબેનને બાળકો વ્યસન કરે તેવી ખબર પડી. પણ સીધી રીતે બધાની વચ્ચે બાળકોને કશું પણ કહેવું ખોટું પડશે, એવું એમને લાગ્યું. KRSF સંસ્કાર સિંચનના વર્ગો ચલાવે. આ વર્ગોમાં બાળકોના ઘડતર માટેની વાતો થાય. તેમાં વ્યસન મુક્તિની વાતો પણ ખરી. ખાસ તો વ્યસન કરવાથી શું થઈ શકે તેની વાતો. વ્યસન કરનાર બાળકો વર્ગમાં આવે તેમણે આ વાતો સાંભળી એમને અંદરથી રિદ્ધિબહેન બધાની વચમાં એમને કશુંક કહેશેનો ડર લાગ્યો એટલે એમણે શાળામાં આવવાનું બંધ કર્યું.

રિદ્ધિબહેને બાળકની ગેરહાજરીનું કારણ જાણ્યું અને બાળકોના ઘરે જઈને એમને વ્યસનમાંથી મુક્ત થઈ શકાય છે. બસ મન મજબૂત કરવાનું છે વગેરે જેવી વાતો કરીને બાળકોએ વ્યસન મૂકવાનું પ્રણ લીધું ને પછી તો નિયમિત શાળાએ આવતા થઈ ગયા.

સંસ્કાર સિંચનના વર્ગો અમે જેટલી પણ નિશાળમાં બાળકોના ઘડતરનું કામ કરીએ ત્યાં અલાયદા ચલાવીએ. એનો અલાયદો અભ્યાસક્રમ છે. બાળકોની સાથે સાથે શિક્ષકોને પણ અમારા સંસ્કાર સિંચનના વર્ગો ગમે.

મારા ખ્યાલથી દેશ અને દુનિયાને ઉત્તમ બનાવવી હશે તો બાળકોના ભણતરની સાથે સાથે તેમના ગણતર ને એમાંય સંસ્કાર સિંચન પર ખાસ્સું ધ્યાન આપવું પડશે.

| અમે જે નિશાળોમાં સંસ્કાર સિંચનના વર્ગો ચલાવીએ તેની વિગત | | |
|---|---|---|
| ક્રમ | કેટલી શાળામાં સંસ્કાર સિંચનના વર્ગો ચાલે તેની વિગત | સંસ્કાર સિંચનના વર્ગોમાં શીખવામાં આવતી મુખ્યત્વે વિગત |
| ૧ | ૭૪૯ | હકારાત્મકતા, આત્મવિશ્વાસ, મહેનત, સાતત્ય, ધ્યેય, પ્રામાણિકતા |



*વ્યસનમાંથી મુક્ત થયેલા ઘોઘાસમડી ગામના બાળકો અને રિદ્ધિબેન*

# સંસ્કારની વાત



બુઢેલી પ્રાથમિક શાળાના સ્ટાફ સાથે KRSF ની ટીમ

અરવલ્લીનું બુઢેલી ગામ ને ત્યાંની પ્રાથમિકશાળામાં સંસ્કાર ભણે. આમ એનું ઘર શાળાથી સાવ નજીક પણ શાળા પ્રત્યે એને ભારે અણગમો. એ નાહ્યા વગર જ નિશાળ આવે. કપડા પણ ઘણી વખત ગંદા પહેરે...

આ શાળામાં શિક્ષકની ઘટ. KRSF એ સ્નેહલબેનને ત્યાં બાળકોને ભણાવવા મૂક્યા. એમનું ધ્યાન સંસ્કાર પર ગયું. અનિયમિતતાનું



પ્રતુલભાઈને મળીને સંસ્કારના માતા-પિતા ભાવવિભોર બન્યા.

સંસ્કારની માં મૂળ મહારાષ્ટ્રની એને એનો દિકરો ભણે એની હોંશ પણ સંસ્કારને નિશાળમાં આવવું જરાય ન ગમે.

સંસ્કારને વાંચતા, લખતા પણ ન આવડે. નિશાળમાં આવવા માટેના એની પાસે જાણે કારણો જ નહીં. અન્ય વિદ્યાર્થીઓ સાથે પણ એને ખાસ ગોઠે નહીં.



બુઢેલી પ્રાથમિક શાળાના સ્ટાફ સાથે પ્રતુલભાઈ



*વાંચન, લેખન અને ગઠનમાં નબળા વિદ્યાર્થીઓને સ્નેહલબેન આ ત્રણે બાબતમાં પાવરધા કરે સાથે સાથે સંસ્કાર સિંચન થકી તેમનું ....*

કારણ તપાસવા એ છેક ઘર સુધી ગયા ને ખ્યાલ આવ્યો કે, સંસ્કારને ગુજરાતી બહુ સમજમાં નથી આવતી. માં મહારાષ્ટ્રીય ને એ બીજા લગ્ન કરીને અહીંયા આવી છે. મા પ્રયત્ન કરે એના પિતા પણ કોશિશ કરે પણ સંસ્કારને ગુજરાતી ફાવે નહીં. અમારા સ્નેહલબેને સંસ્કારને ગુજરાતી શીખવાડવાનું બીડુ ઝડપ્યું ને એ સફળ થયા. એ નિશાળમાં પણ હવે એકદમ તૈયાર થઈને આવતો થઈ ગયો.

શાળાના અન્ય સ્ટાફ પણ સ્નેહલબેનની આ મહેનતને બિરદાવી. એમણે કહ્યું, સંસ્કારને શાળામાં કાયમી કરવો ખરેખર અઘરુ હતું. પણ બેને ધગશથી એ કર્યું.

KRSFનું મૂલ્ય ‘બાળક પ્રથમ’. અમે જેટલા પણ બાળકોની કેળવણીમાં નિમિત્ત બની રહ્યા છીએ. એ દરેક બાળક સરખુ ભણે એને શાળા ગમે ને ખાસ એનું ભણવાનું ન છુટે એ જોવાનું અમે કરીએ. સંસ્કાર માટે સ્નેહલબેને કરેલા પ્રયત્નોનો ખ્યાલ અમારા પ્રતુલભાઈને આવ્યો. આવા શિક્ષકોને એ ખાસ એમના કાર્ય સ્થળ પર જઈને એમણે બિરદાવે. સ્નેહલબેનને બિરદાવવા પણ એ બુઢેલી ગયા.

બુઢેલી શાળાના શિક્ષકોએ પણ પ્રતુલભાઈનો આભાર સ્નેહલબેન જેવા શિક્ષીકા એમને આપ્યા એ માટે માન્યો...

અમે તો આવા કર્મઠ શિક્ષકોના કાર્યને જોઈને રાજી...



*સંસ્કાર અને સ્નેહલબેન*

# વિવિધ પરિક્ષા સ્પર્ધાઓની તૈયારી

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધો.૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રૉપ આઉટ દર ઘટે તે હેતુથી ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના (NMMS)' અમલમાં મૂકવામાં આવી છે. આ સિવાય 'જ્ઞાન સાધના યોજના' પણ અમલી છે.

NMMS ની પરિક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને માસીક ૧૦૦૦/- રૂપિયા એ ધો. ૧૨ પૂરું કરે ત્યાં સુધી મળે છે. આમ વાર્ષિક ₹૧૨,૦૦૦/- અને ચાર વર્ષના ગણીએ તો ₹૪૮,૦૦૦/-. આજ રીતે જ્ઞાન સાધના પાસ કરનારને પણ ધોરણ ૯ અને ૧૦ માં ₹૨૨,૦૦૦/- અને ૧૧ અને ૧૨ માં ₹૨૫,૦૦૦/-ની વાર્ષિક મદદ સ્વનિર્ભર શાળામાં ભણતા બાળકોને મળે છે. ધોરણ ૯ અને ૧૦ માં ₹૬,૦૦૦/- અને ૧૧ અને ૧૨ માં ₹૧૨,૦૦૦/- ની વાર્ષિક મદદ સ્વનિર્ભર શાળામાં ભણતા બાળકોને મળે છે. જે બાળકો સરકારી અને અનુદાનિત શાળાઓમાં પ્રવેશ મેળવે તેમને નિઃશુલ્ક અભ્યાસ ઉપરાંત ધોરણ ૯ અને ૧૦ માં ₹૬,૦૦૦/- અને ૧૧ અને ૧૨ માં ₹૭,૦૦૦/- ની વાર્ષિક મદદ બાળકોને મળે છે.

KRSF ના શિક્ષકો પોતાના વર્ગમાં ધો.૭ અને ૮માં ભણવા વિદ્યાર્થીઓને NMMS, જ્ઞાન સાધના, નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટે વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરાવતા હોય છે. એ માટે તેઓ શાળાના સમય કરતા વહેલા આવીને બાળકોના વર્ગો લે છે.

> કેળવણી દરેક યુગની જરૂરિયાત. કોઈ પણના જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ. શિક્ષણનો હેતુ જ ચારિત્ર્ય નિર્માણનો. અણઘડ પથ્થરમાંથી માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમા પરિવર્તન કરતી પ્રક્રિયા શિક્ષણ

**અત્યાર સુધી વિવિધ પરિક્ષાઓ પાસ કરનાર વિદ્યાર્થીઓની વિગત**

| ક્રમ | વિવિધ પરિક્ષાઓના નામ | વિવિધ પરિક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા | સરકાર દ્વારા મળતી સહાયની રકમ |
|---|---|---|---|
| ૧ | NMMS | ૬૧ | ₹૧૨,૦૦૦ વાર્ષિક |
| ૨ | જ્ઞાન સાધના | ૧૬૪ | ₹૨૨,૦૦૦/૬૦૦૦ વાર્ષિક<br>₹૨૫,૦૦૦/૭૦૦૦ વાર્ષિક |

# ટાકાટુકાની પ્રાથમિક શાળામાં ભણતી 7 વિદ્યાર્થીનીઓને NMMS સ્કોલરશીપની મદદ મળી



*સ્કોલરશીપ પરીક્ષાની તૈયારી કરાવતા KRSF ના શિક્ષિકા સંગીતાબેન*

ટાકાટુકા અરવલ્લી જિલ્લાના ભિલોડાની અવ્વલ નિશાળ. શાળાના શિક્ષકો, આચાર્ય અને અમે. એટલે કે, આ શાળામાં શિક્ષકોની ઘટની પૂર્તિ માટે મૂકેલા બધા એક જૂથ થઈને કામ કરીએ. અમે આ શાળામાં સંગીતાબેનને મુક્યાં. સંગીતાબેન એમના વર્ગના બાળકોને નિયમિત ભણાવે. સાથે સાથે NMMSની પરિક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પરિક્ષાની તૈયારી પણ શાળાના અન્ય શિક્ષકો સાથે મળીને કરાવે. શાળાનો સમય ૧૦:૩૦નો પણ સંગીતાબેન ૯ વાગે આવે અને બાળકોને ખાસ પરીક્ષાની તૈયારી કરાવે.

આ વર્ષે એમણે જે વિદ્યાર્થીઓને તૈયારી કરાવતા હતા, તેમાંથી ૭ વિદ્યાર્થીનીઓએ પરિક્ષા પાસ કરી અને મેરીટમાં આવી. એમને માસીક ₹૧,૦૦૦ સ્કોલરશીપ મળવાની શરૂ થઈ.

પરીક્ષા પાસ કરનાર કુંદનિકા અને હેલીને મળવાનું થયું તો એમણે કહ્યું. ‘હાલ સ્કોલરશીપમાં જે રકમ મળે તે અમે ખર્ચ કરતા નથી. એ રકમ બચશે તો અમને ધો.૧૨ પછી ઉચ્ચ અભ્યાસમાં એ કામ લાગશે. અમારા ઘરવાળાને પણ અમારા માટે ગર્વ છે કે અમે આ પરીક્ષા પાસ કરી શક્યા’.



દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી વિદ્યાર્થીઓ ભણે

બેય વિદ્યાર્થીનીઓએ સંગીતાબેન તેમજ શાળાના શિક્ષકોની મહેનતના લીધે પાસ થયાનું કહ્યું.

અમારા શિક્ષકોને અમે બાળકોને ઉત્તમ આપવા કોશિશ કરવાની વાત શીખવીએ ને એટલે જ તેઓ શાળાના નિયમિત સમય કરતા વહેલા આવીને બાળકોને આ રીતે ભણાવે.. સંગીતાબેનની આ નિસબતને સલામ...







# ગામડાની દીકરીઓ નેશનલમાં...



*મોટી ડોડીસરા પ્રાથમિક શાળામાં પહોંચેલા પ્રતુલભાઈનું સન્માન કરતી દિકરીઓ*

આપણને સોંપેલું કામ ખંતથી કરવું એ કાર્ય પ્રત્યે આપણી નિષ્ઠા. પણ આ જ કાલ સોંપાયેલું કામ બરાબર ન કરતા હોવાની ફરિયાદો પણ ખાસ્સી સંભળાય. ત્યારે પોતાની ફરજથી ઉપર ઉઠીને કોઈ વ્યક્તિને કામ કરતા જોઈએ ત્યારે રાજી થવાય.

KRSFની ટીમમાં અરવલ્લીના મોટી ડોડીસરા ગામમાં શિક્ષક તરીકે અનિલભાઈ કામ કરે. શાળામાં શિક્ષકની ઘટ એટલે અમે અનીલભાઈને ત્યાં મુક્યા. એમણે શાળામાં ભણતા વાંચન, લેખન અને ગણનમાં નબળા વિદ્યાર્થીઓને પાવરધા કર્યા સાથે સાથે બાળકોનું ઘડતર બરાબર થાય એ માટે અમારા સંસ્કાર સિંચનના અલાયદા વર્ગો લેવાનું પણ એમણે કર્યું.

લગભગ એકાદ વર્ષ પહેલા એમને દીકરીઓની કબડ્ડી ટીમ બનાવવાનો વિચાર આવ્યો. દિકરીઓને રાજ્ય કક્ષાએ કબડ્ડીની સ્પર્ધામાં પહોંચાડવાની નેમ લીધા પછી એમણે સમય ન જોયો. એમનો રવિવારે પણ નિશાળના મેદાનમાં જ હોય.

કહેવાય છે કે સખત પરિશ્રમ કરીએ તો પરિણામ પણ મળે. શાળાની દીકરીઓએ તાલુકા અને જિલ્લામાં કબડ્ડી સ્પર્ધામાં મેદાન માર્યું. રાજ્ય કક્ષાના 'ખેલ મહાકુંભ ૨૦૨૩-૨૪' માં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો.



*મોટી ડોડીસરાના ગ્રામજનો સાથે વાર્તાલાપ કરતા પ્રતુલભાઈ ગ્રામજનોએ KRSF ના શિક્ષક અનિલભાઈની કામગીરીની પ્રસંશા કરી.*



*રાજ્ય કક્ષાના 'ખેલ મહાકુંભ ૨૦૨૩-૨૪' માં બ્રોંઝ મેડલ જીતેલી ડોડીસરા પ્રાથમિક શાળાની દીકરીઓ*

શાળાની બે દિકરીઓ ભાવિકા અને પ્રગતિ હવે નેશનલ રમવા માટે જશે.

KRSF કાર્ય-ફરજથી ઉપર ઉઠીને કામ કરનાર કાર્યકરનું સન્માન કરે. પ્રોત્સાહન આપવાની આ અમારી પદ્ધતિ. અનિલભાઈનું પણ આ કાર્ય માટે સન્માન થયું.

અમારી સંસ્થાના સ્થાપક પ્રતુલભાઈ વખતો વખત વિવિધ શાળાઓમાં ફરજ બજાવતા અમારા શિક્ષકોને મળે, એમના કાર્યને બિરદાવે. અનિલભાઈની મહેનત વિશે સાંભળી એ ખાસ મોટા ડોડીસરા પધાર્યા ને અનીલભાઈને બિરદાવ્યા.

પ્રતુલભાઈ કહે, 'દરેક વ્યક્તિ પોતાના કામમાં પોતાનું ઉત્તમ આપવા કોશિશ કરે તો દેશની સકલ બદલાઈ જાય. અમે એ રીતે અમારી ટીમને પ્રોત્સાહિત કરીએ છીએ એટલે આવા પરિણામો મળે.' પોતાની સંપત્તિનો સદઉપયોગ થતો જોઈ એ રાજી...

અનીલભાઈની જેમ દરેક વ્યક્તિ કાર્ય કરતો થાય તેવી શુભભાવના...



*શાળાની બે દિકરીઓ ભાવિકા અને પ્રગતિ નેશનલ કબડ્ડી ટીમમાં પસંદગી પામી. KRSF ની ટીમ તેમજ કબડ્ડી રમતી દીકરીઓ સાથે.*

# સ્વાવલંબન

જેવું આપણા પોતાના માટે વિચારીએ એવું જ આપણે અન્યો માટે વિચારીએ, અને ક્યાંક એ વિચારથી એક ડગલું આગળ એ વિચારને અમલમાં મુકવાનું કરીએ. તો, આપણને ગમે તેવા ઉત્તમ સમાજનું નિર્માણ આપણે કરી શકીએ.

કોઈ આપણને પૂછે કે તને કેવી દુનિયા ગમે તો આપણે દુ:ખોથી ભરેલી દુનિયા જોવી ગમે એવું કહીએ? ન જ કહીએ.. સૌને આનંદિત જગત ગમે. આ આનંદિત જગત જ્યાં સૌને રહેવું ગમે એવું બનાવવા સૌ પોતા પોતાની રીતે પ્રયત્ન કરે તો પણ ઘણો બદલાવ આવી શકે.

આર્થિક સદ્ધરતા દુ:ખ, તકલીફમાં જીવતા માણસોની ઘણી તકલીફો ઓછી કરી શકે. અમે એ દિશામાં શક્ય પરિવારોને મદદ કરવાનું કરીએ. KRSF પોતે અને KRSF જેમને સહયોગ કરે છે તેવી સંસ્થાઓના માધ્યમથી તકવંચિતોને સ્વમાનભેર રોજી રોટી રળવા વગર વ્યાજે લોનરૂપે મદદ કરે.

**અત્યાર સુધી વગર વ્યાજે લોન રૂપે કરવામાં આવેલી મદદની વિગતો:**

**૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિ**

| અનુદાનની રકમ | લોનની સંખ્યા | | | લોનની રકમ | | | હયાત ભંડોળ | ઇમ્પેક્ટ ટકાવાર |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પૂર્ણ થયેલ | ચાલુ | કુલ | પૂર્ણ થયેલ | ચાલુ | | |
| ૨,૦૦,૦૦,૦૦૦ | ૧,૩૮૮ | ૫૦૧ | ૮૮૭ | ૪,૭૦,૦૫,૦૦૦ | ૨,૮૫,૭૩,૭૫૧ | ૧,૮૪,૩૧,૨૪૯ | ૧૫,૬૮,૭૫૧ | ૨૩૫.૦૩% |
| ૩,૦૦,૦૦,૦૦૦ | ૧,૩૮૪ | ૧૦૦ | ૧,૨૮૪ | ૪,૮૭,૭૫,૦૦૦ | ૧,૧૪,૫૦,૬૦૦ | ૩,૭૩,૨૪,૪૦૦ | - | ૧૬૨.૫૮% |
| ૫,૦૦,૦૦,૦૦૦ | ૨,૭૭૨ | ૬૦૧ | ૨,૧૭૧ | ૯,૫૭,૮૦,૦૦૦ | ૪,૦૦,૨૪,૩૫૧ | ૫,૫૭,૫૫,૬૪૯ | | ૧૯૧.૫૬% |

મળેલું ધન કે સંપદા મારા એકલાની નથી. એમાં મારા ઘડતરમાં નિમિત્ત બનનાર સૌ કોઈની હિસ્સેદારી. એટલે જ કવિ દુલાભાયા કાગ કહે, સમાજ પાસેથી જેટલું લીધું એટલું આપણે પરત આપીએ તો આપણે માણસ કહેવાઈએ ને લીધુ છે એના કરતા બમણું આપીએ તો મહામાનવ..

ગુજરાતના વિવિધ જિલ્લામાં વસતા પરિવારોમાંથી જેમને અમે લોન આપી છે તે લોકોના જીવનમાં લોનથી આવેલા પરિવર્તનની વાતો..

# દીકરી માટે આદર્શ પિતા બનવાની ખેવાના રાખનાર હર્ષદભાઈએ KRSFની મદદથી દુકાન શરૂ કરી



લોન લઈ દુકાન શરૂ કરનાર હર્ષદભાઈને મળવા પ્રતુલભાઈ ખાસ ગયા

'મારે કલેક્ટર થવું છે.'

નાનકડી અનન્યાએ આ કહ્યું... કલેક્ટર એટલે કોણ એવી એને ઝાઝી ખબર ન પડે પણ એના પપ્પાએ એનામાં આ સ્વપ્ન રોપ્યું.

કલેક્ટર કેમ બનાવવી છે ? એના જવાબમાં અનન્યાના પપ્પા એટલે કે અમારા લોનધારક હર્ષદભાઈએ કહ્યું, 'મારે મારી દીકરી માટે આદર્શ પિતા બનવું છે. મોટી થઈને એ ગર્વ સાથે કહી શકે કે મારા પિતાએ મારા માટે ખૂબ મહેનત કરી..'

હર્ષદભાઈ ભણ્યા ઓછું. ખાનગી કંપનીમાં નોકરી કરે. પણ, નોકરીની આવકમાં પૂરું ન થાય. એમણે ઘર આગળ નાનકડી દુકાન નાખવાનું નક્કી કર્યું. દુકાન સંભાળવાનું એમના પત્ની રમીલાબેન કરી લેશે એવો વિશ્વાસ. પણ દુકાનમાં સામાન લાવવા પૈસા નહીં.

ખેડાના ડભાણમાં એ રહે. અમે વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM)ને લોકોને સ્વાવલંબી બનાવવા મદદ કરીએ. VSSM થકી KRSFમાંથી હર્ષદભાઈને અમે લોન પેટે ₹૫૦,૦૦૦ આપ્યા. જેમાંથી એમણે સરસ દુકાન કરી...

રમીલાબેન દુકાન સંભાળે. આવક પણ સારી થઈ રહી છે... રમીલાબેન કહે, 'બે જણા કમાય તો ફરક તો પડે જ...'

હર્ષદભાઈ અને રમીલાબેન સુખી થાય એવી શુભભાવના...

# KRSF એ આપેલા ટેકાથી ગોપાલભાઈ સ્વપ્ન જોતા થયા

'હું દસ ધોરણ ભણ્યો પછી કટલરી વેચવાનું શરૂ કર્યું. ધંધામાં તો કેવું જેટલી મૂડી નાખો એટલી ઓછી. મારી પાસે ઝાઝી મૂડી નહોતી. એટલે જે હતું એમાંથી કટલરીનો વેપાર શરૂ કર્યો.

સપના ઊંચા જોવું પણ જે રીતે ધંધો કરતો એ રીતે એ બધું પૂરું કરવામાં વર્ષો થઈ જશે એમ લાગતું. આવામાં મને KRSF એ VSSM સંસ્થા સાથે મળીને લોન આપવાનું કાર્ય કરેનો ખ્યાલ આવ્યો. મારા કાકા ચંદુભાઈ થકી અમે સંસ્થામાં લોન મૂકી ને પ્રથમ લોન ₹૩૦,૦૦૦ની મળી. હું એક્ટીવા પર ધંધો કરતો. લોનની રકમ મળી એટલે જથ્થાબંધ સામાન પાનકોર નાકા અમદાવાદથી લાવ્યો. બચત પણ થઈ. એ પછી મે બીજી લોન ₹૫૦,૦૦૦ની લીધી. બચત અને નવી લોનની રકમમાંથી થોડા ઉમેરી ૧ લાખનું ડાઉન પેમેન્ટ ભરી મેં ઈકો ગાડી લીધી. ખૂટતી રકમની મેં ફાયનાન્સ કંપનીમાંથી લોન કરી.

હવે ગાડી આવી તો ત્રણેક ગામોમાં હું ને મારી પત્ની બેય ધંધા માટે જઈએ છીએ. રોજની આવક પણ સરખી થાય છે. પ્રયાસ ઈકોના હપ્તા ઝટ પતાવવાનો છે જેથી હું વ્યાજમાંથી બહાર નીકળી જાઉ'

આણંદના સારસા ગામમાં રહેતા ગોપાલભાઈ ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશનના સ્થાપક અમારા આદરણીય શ્રી પ્રતુલભાઈ શ્રોફ સામે ફટાફટ આ બોલી ગયા.

શિક્ષણ અને આર્થિક સદ્ધરતા કોઈનું જીવન બદલી શકે એવું પ્રતુલભાઈ માને. એટલે વંચિત અને વ્યવસાય શરૂ કરવાની અથવા તેને વધારવાની ઇચ્છા રાખનાર પરિવારોને મદદ કરે. VSSM અને KRSF એ અત્યાર સુધી ૯,૫૦૦ થી વધુ પરિવારોને સ્વમાનભેર રોજી મળી શકે તે માટે મદદ કરી છે.

ગોપાલભાઈની વાત સાંભળી પ્રતુલભાઈએ એમને સ્વપ્ન શું છે એ પૂછ્યું ને ગોપાલભાઈએ કહ્યું, ''પોતાની દુકાન કરવાનું''

માણસ સ્વપ્ન જોતો થઈ જાય પછી એની સ્થિતિમાં સુધારો આવવામાં વાર નથી થતી એ ગોપાલભાઈને મળીને લાગ્યું... એમના સ્વપ્ન સાકાર થાય એવી શુભભાવના...



*ધો.૧૦ સુધી ભણેલા ગોપાલભાઈ એક્ટીવા પર ધંધો કરતા અમારી લોન મેળવી કમાયા હવે ઇકો ગાડી ખરીદી તેના પર ધંધો કરો*

# એક વખતે સિલાઈ મશીન ખરીદવા પૈસા નહોતા, આજે મહિને ₹6,000ની બચત થાય



*છુટક મજૂરી કરતા કંચનબેને સંસ્થામાંથી લોન મેળવી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો*

અઘરામાં અઘરી લાગતી સમસ્યાનું સમાધાન શોધવા કોશિશ કરીએ તો સમાધાન મળે જ. મુદ્દો આપણે સમાધાન શોધી તે પ્રમાણે કરવા તૈયાર છીએ કે કેમ તે...

ખેડાના ડભાણ ગામમાં કંચનબેન રહે. પતિ કંપનીમાં નોકરીએ જાય ને કંચનબેન ખેતમજૂરી મળે તો એ કરે. પણ ખેતમજૂરી બારે મહિના મળે નહીં ને પતિની કમાણી પર ઘર ચલાવવામાં તકલીફ પડે. શું કરવું એ સમજાતું નહોતું.

ગામમાં સિવણના વર્ગો સરકારે શરૂ કરાવ્યા. કંચનબેન સિવણ શીખ્યા. પણ મુદ્દો મશીનનો હતો. બચત એટલી હતી નહીં કે એ મશીન ખરીદી શકે.

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન તકવંચિત અને વિચરતી જાતિઓના પરિવારોને VSSM ના માધ્યમથી લોન આપી ધંધો કરતા કરે, એ કંચનબેન જાણે. એમણે સંસ્થાના કાર્યકર રજનીભાઈનો સંપર્ક કરી. સિલાઈ મશીનની સાથે સાથે કપડું ખરીદી તૈયાર ડ્રેસ,બ્લાઉઝ વગેરે સીવી વેચવા ₹૫૦,૦૦૦/- લોનની માંગણી કરી.

નિષ્ઠા અને મહેનત કરવાની ધગશ કંચનબેનની આંખોમાં દેખાતી હતી. આવા વ્યક્તિઓને લોન આપવાનું તો કરવું જ પડે. લોન આપી ને આજે હવે એ મહિને છ-સાત હજાર કમાતા થઈ ગયા. એમની કમાણીમાંથી એ બચત કરે ને મોટી દુકાન નાખવાનું એ સ્વપ્ન સેવે.

એમના પતિને પણ નોકરી છોડાવી રીક્ષા લઈ એ સ્વતંત્ર ધંધો કરતા થાય એવી એમની ઈચ્છા છે.

આદરણીય પ્રતુલભાઈ શ્રોફને જ્યારે કંચનબહેન મળ્યા ત્યારે એ ભાવુક થયા. એમણે કહ્યું, ‘મને અત્યારે ઘણું સુખ છે.’ તકવંચિતોના જીવનમાં સુખ આપી શક્યાનો અમને રાજીપો...

# જળ વ્યવસ્થાપન

*ડગ ડગ રોટી,*
*પગ પગ નીર*

આપણે ત્યાં પાણી સાથે અનેક કહેવતો જોડાયેલી. મધ્યપ્રદેશના માળવાની આ પ્રચલિત કહેવત. પાણી ત્યાં પુષ્કળ પ્રમાણમાં હતું એટલે ખેતરો પાકથી લહેરાતા ને સૌને રોટલો મળી રહેતો. પણ વિકાસની દિશામાં આજે આખી દુનિયા હરણફાળ ભરવા ઈચ્છે એમ માળવાએ પણ ભરી. જંગલો કપાયા, વૃક્ષો ઘટ્યા. ખેતી માટે જમીનમાંથી અમાપ પાણી ઉલેચાયું. પ્રાકૃતિક સંસાધનોનું સમાજ અને સરકારે જતન કરવું જોઈતું હતું પણ એ ન થયું. ઘોડા છૂટી ગયા પછી તબેલે તાળા મારવાનો શું અર્થ? આવી જ સ્થિતિ કુદરતી સંસાધનોની જાળવણી બાબતે થઈ. અમાપ દોહનના કારણે ભૂગર્ભજળ ઊંડા ગયા ને વૃક્ષો કપાયા એટલે વરસાદ પણ ઘટ્યો. કહે છે, માળવા રણભૂમિ જેવું થઈ ગયું. એટલે જે કહેવત સદીઓથી પ્રચલિત હતી એ કહેવત ઈતિહાસ બની ગઈ.

એ પછી મધ્યપ્રદેશ સરકાર, સમાજસેવી સંસ્થાઓ અને ગ્રામજનોએ ભેગા મળીને જળસંચયના કાર્યો શરૂ કર્યો. ખેડૂતોએ પોતાના ખેતરમાં ખેત તલાવડીઓ ખૂબ મોટા પ્રમાણમાં માળવા ને માળવા સિવાય મધ્યપ્રદેશના અનેક જિલ્લામાં બનાવવાની શરૂ કરી જેના લીધે ધીમે ધીમે ભૂગર્ભજળ રિચાર્જ થયા. આજે આ વિસ્તારમાં

*ડગ ડગ ડબરી (ખેત તલાવડી)*
*પગ પગ નીર*

કહેવત પ્રચલિત થઈ છે. માણસ ભૂલોમાંથી સમયસર શીખી જાય એ અગત્યનું બાકી સમય વહી જાય પછી બધુ  નકામુ.

## ઉત્તર ગુજરાતમાં પણ ભૂગર્ભજળ જોખમી સ્થિતિએ પહોંચ્યા છે. KRSF અને VSSM સાથે મળીને જળ વ્યવસ્થાપનના કામો કરે.

## અત્યાર સુધી KRSF દ્વારા થયેલા તળાવોની વિગતો..

| ક્રમ | તળાવનું નામ | ગામનુ નામ | તાલુકો | જિલ્લો | કેટલા ક્યુબિક મીટર માટી કાઢી |
|---|---|---|---|---|---|
| ૧ | ગામ તળાવ | બેડી | પોશીના | સાબરકાંઠા | ૭,૫૦૦ |
| ૨ | ગામ તળાવ | ચંદ્રાણા | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૩ | ગામ તળાવ | મામા પીપળા | પોશીના | સાબરકાંઠા | ૭,૫૦૦ |
| ૪ | ગામ તળાવ | અંબાસર | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |

| ક્રમ | તળાવનું નામ | ગામનુ નામ | તાલુકો | જિલ્લો | કેટલા ક્યુબિક મીટર માટી કાઢી |
|---|---|---|---|---|---|
| ૫ | વડલાવાળું તળાવ | છોછર | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૬ | ગામ તળાવ | દાંતિયા | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૭ | ઉપલી દલસર તળાવ | છોછર | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૮ | ડુંગરીવાળું તળાવ | માતરવાડા | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૯ | મંદિરવાળું તળાવ | માતરવાડા | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૧૦ | મગરીવાળું તળાવ | માતરવાડા | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૧૧ | ગામ તળાવ | અંબા મહુડા | પોશીના | સાબરકાંઠા | ૮,૦૦૦ |
| ૧૨ | ગોયણકા તળાવ | પોશીના | પોશીના | સાબરકાંઠા | ૮,૦૦૦ |
| ૧૩ | ગામ તળાવ | ગાંધીસણ | પોશીના | સાબરકાંઠા | ૮,૦૦૦ |
| ૧૪ | ગામ તળાવ | કનાઈ | હિમતનગર | સાબરકાંઠા | ૮,૦૦૦ |
| ૧૫ | ગામ તળાવ | સેબલીયા | પોશીના | સાબરકાંઠા | ૬,૫૦૦ |
| ૧૬ | ગામ તળાવ | લક્ષ્મીપુરા | વિસનગર | મહેસાણા | ૧૦,૦૦૦ |
| ૧૭ | ગામ તળાવ | સદુથલા | વિસનગર | મહેસાણા | ૫,૦૦૦ |
| ૧૮ | ગામ તળાવ | રંગાકુઇ | વિસનગર | મહેસાણા | ૫,૦૦૦ |
| ૧૯ | ગામ તળાવ | ધામણવા | વિસનગર | મહેસાણા | ૧૫,૦૦૦ |
| ૨૦ | ગામ તળાવ | ધારુસણા | વિસનગર | મહેસાણા | ૫,૦૦૦ |
| ૨૧ | ગામ તળાવ | લક્ષ્મીપુરા | વિસનગર | મહેસાણા | ૫,૦૦૦ |
| ૨૨ | ગામ તળાવ | લક્ષ્મીપુરા | વિસનગર | મહેસાણા | ૫,૦૦૦ |
| ૨૩ | ભીમ તળાવ | જુની ભીલડી | ડીસા | બનાસકાંઠા | ૭,૦૮૧ |
| ૨૪ | ગોદાહર તળાવ | રામસણ | ડીસા | બનાસકાંઠા | ૧૦,૬૦૨ |
| ૨૫ | ડભાલી તળાવ | જડીયાળી | લાખણી | બનાસકાંઠા | ૫,૭૯૬ |
| ૨૬ | ગામ તળાવ | વરનોડા | ડીસા | બનાસકાંઠા | ૬,૧૧૬ |
| ૨૭ | સુકલસર તળાવ | ખેરોલા | લાખણી | બનાસકાંઠા | ૬,૩૫૩ |
| ૨૮ | ગામ તળાવ | વરણ | ડીસા | બનાસકાંઠા | ૧૦,૬૦૨ |
| ૨૯ | મહાદેવરુ તળાવ | રાજપુર | કાંકરેજ | બનાસકાંઠા | ૯,૧૮૬ |
| ૩૦ | વૃંદાવન તળાવ | નાનનપુર | હિંમતનગર | સાબરકાંઠા | ૫,૦૦૦ |
| ૩૧ | રોઝ તળાવ | જેપુર | હિંમતનગર | સાબરકાંઠા | ૭,૨૦૨ |
| ૩૨ | ગામ તળાવ | મેઢ | વડાલી | સાબરકાંઠા | ૧૭,૦૩૭ |
| | **કુલ** | | | | **૨,૪૦,૪૮૧** |

જે ગામોમાં જળ વ્યવસ્થાપન કર્યું તેની વાતો

# જેપુર ગામનું તળાવ ખોદવામાં નિમિત્ત બન્યા, આ તળાવ સરસ ભરાયું

મહેસાણા જિલ્લાના વિજાપુરનું જેપુર ગામ. પાણીના તળ આ ગામમાં પણ ઊંડા. ગામમાં તળાવ ખરું પણ છીછરું. આ તળાવ ગાળવાનું કામ સરકાર દ્વારા સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત VSSM ને સોંપવામાં આવ્યું. સરકાર ખોદકામ માટે ૬૦ ટકા રકમ આપે બાકીની સંસ્થાએ ભરવાની. VSSM સાથે મળી KRSF જળસંચયના કાર્યો કરે. અમે ૪૦ ટકા રકમની મદદ કરવાનું સ્વીકાર્યું. ગામે પણ માટી ઉપાડવાનું સ્વીકાર્યું. આમ સરકાર, ગામ અને સંસ્થાના સહિયારા પ્રયાસથી ગામનું તળાવ ઊંડુ થયું ને આ ચોમાસે આ તળાવ પાણીથી સરસ ભરાયું.

જમીનમાં પાણી ઉતર્યું, તળ રિચાર્જ થયા એટલે ખેડૂતોને બોરવેલમાં નવી કોલમ ઉતારવી ન પડી. પાણીની જ્યાં જોખમી સ્થિતિએ પહોંચ્યા તે દરેક ગામના તમામ તળાવ એકદમ સરસ રીતે ઊંડા કરવાનું તેમજ જરૂર પડે નવા તળાવો નીમ કરવાનું થાય એ અગત્યનું. ભાવી પેઢી માટે પાણી બતાવવું પડશે.

અમે ધરતી માને તૃપ્ત કરવાના કાર્યમાં નિમિત્ત બની શક્યા એનો રાજીપો...






*KRSF અને સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત જેપુરનું તળાવ ઊંડું કર્યું*
*ઊંડું થયેલું તળાવ ચોમાસે સરસ ભરાયું*

# આદિવાસી વિસ્તારોમાં ચેકડેમ રીપેરીંગ





આદિવાસી વિસ્તાર એટલે ગુજરાતની પૂર્વ પટ્ટી. કેટલોય વિસ્તાર જંગલ આચ્છાદિત. વરસાદ પણ પ્રમાણમાં સારો પડે પણ ચોમાસા પછી જાન્યુઆરી, ફેબ્રુઆરી આવતા પાણીની મુશ્કેલી સર્જાવાનું શરૂ થઈ જાય. નાછુટકે લોકોને પોતાનું ગામ છોડીને શહેરમાં કે જ્યાં મજૂરી મળે ત્યાં મજૂરી માટે જવું પડે. આદિવાસી પરિવારોમાંના ઘણા પાસે નાનકડી જમીન ખરી પણ જમીન પર પિયત માટે પાણી ન હોય. કૂવાથી ખેતી કરનાર પરિવારોના કૂવા ખાલી થઈ જાય. ક્યાંક તો પીવાના પાણીની પણ ભારે મુશ્કેલી પડે.

સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં જળસંચયના ઘણા કામો સતત થયા કરે. એમાંનું એક ચેકડેમ રીપેરીંગનું, ડી-સિલ્ટીંગનું કામ. આ વર્ષે સરકારે ૮૦ - ૨૦ યોજનામાં ચેકડેમ રીપેરીંગનું કામ KRSF અને VSSMએ કર્યું. આ ૨૦ ટકા આમ તો ૨૦ ટકા કરતા વધારે રકમ સરખો ને મજબૂત ચેકડેમ કરવો હોય તો થાય એ બેય સંસ્થાએ સાથે મળીને કર્યું.

સરકાર અને KRSF ની મદદથી ૭ ચેકડેમ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં રીપેર કર્યા.

ચેકડેમ ચોમાસે સરસ ભરાયા. પાણી રોકાવાના લીધે ખેડૂતોના કૂવા પણ અત્યારે પાણીથી ભરેલા છે.

ના છૂટકે શહેરમાં આવવા જેમને મજબૂર થવું પડે તે પરિવારોને પાણીની સગવડ કરી આપી તો એ ગામમાં ખુશ છે... બસ આ ભાવના સાથે આદિવાસી વિસ્તાર ખાસ કરીને પોશીનામાં અમે જળસંચયના કાર્યોમાં સરકાર સાથે ભાગીદારી કરીએ...

## ચેકડેમ રીપેર કર્યા તેની વિગત

| ક્રમ | ગામ | જિલ્લો | કુલ કેચમેંટ એરિયા (હેક્ટર) |
|---|---|---|---|
| ૧ | પોશીના | સાબરકાંઠા | ૩.૦૦ |
| ૨ | આંજણી | સાબરકાંઠા | ૩.૦૦ |
| ૩ | કાજાવાસ | સાબરકાંઠા | ૩.૦૦ |
| ૪ | પાડાપટ | સાબરકાંઠા | ૩.૦૦ |
| ૫ | પોશીના | સાબરકાંઠા | ૨.૫૦ |
| ૬ | દંત્રાલ | સાબરકાંઠા | ૩.૦૦ |
| | | **કુલ** | **૧૭.૫૦** |





*ચેક ડેમ રીપેરીંગનું કામ*

# KRSF અને VSSM થકી થયેલા જળવ્યવસ્થાપનના કામો











# વૃક્ષ ઉછેર

દેશની વનનીતિ અનુસાર ૩૩ ટકા જમીન પર જંગલો હોવા જોઈએ એટલે કે વૃક્ષઆચ્છાદિત ભૂમી. દાવો એવો થઈ રહ્યો છે કે ૨૪.૬૨ ટકા જમીન પર જંગલો છે. પણ, હકીકતમાં આનાથી પણ ઓછી જમીન પર જંગલો હોવાનું અનેક પર્યાવરણવિદો કહે છે. સાચા કે ખોટા આંકડામાં ન જઈએ પણ જંગલો ઘટી રહ્યા છે, એ હકીકત. ને જંગલ એટલે કે વૃક્ષો ઘટતા પૃથ્વી પરનું તાપમાન પણ વધી રહ્યું છે. કહે છે, પાછલા આઠ લાખ વર્ષમાં જેટલો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં એકત્રિત નહોતો થયો, એટલો પાછલા સો વર્ષમાં થયો છે.

ગરમીનું પ્રમાણ વધશે તો પૃથ્વી પરના વાતાવરણનું સમતુલન ખોરવાઈ જશે. આ ખુબ મોટો મુદ્દો છે. ગ્લોબલ વોર્મિંગની અસરો આપણે સૌ જોઈ રહ્યા છીએ. પૃથ્વી પરનું વાતાવરણ સમતુલીત કરવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. એમાંનો એક પ્રયત્ન આપણી ધરતી પર મહત્તમ વૃક્ષો વાવીને પણ થઈ શકે.

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન ખુબ મોટા પ્રમાણમાં વૃક્ષ ઉછેરવાનું VSSM સંસ્થા સાથે મળીને અને પોતાની રીતે કરે છે.

આપણી ભાવી પેઢીને સારું વાતાવરણ પણ વારસામાં આપીને જવા આ કરવું પડશે. અમે ઉત્તર ગુજરાતમાં વૃક્ષ ઉછેરનું કાર્ય કરીએ. જંગલ વિભાગ અને ગ્રામજનોની ભાગીદારી પણ આ કાર્યમાં થાય એવો અમારો પ્રયત્ન ને એ પ્રયત્નોથી જ અમે ૪,૩૪,૯૪૬ વૃક્ષો ૩૯ ગામોમાં ૪૦ ગ્રામવનોમાં વાવી ઉછેરી શક્યા છીએ.

અહીંયા ઉછેરવું શબ્દ વારંવાર એટલે કહીએ કે વાવેલા વૃક્ષો આમ તો વૃક્ષ કરતા બાલતરુ એની માવજત યોગ્ય ન થાય તો એ બરાબર ન ઉછરે. એટલે અમે પગારદાર માણસ રાખીએ જે નિયમીત પાણી, દવા અને અન્ય જંગલી જાનવરોથી એને બચાવવાનું કરે. એક વખત વૃક્ષ મોટું થઈ જાય પછી જંગલી પ્રાણીઓ તેમાં નિર્ભય રહી શકે. આમ તો આ વ્યવસ્થા એના માટે પણ ખરી. દરેક જીવોનો અધિકાર આ પૃથ્વી પર ને એના ભાગરૂપે જ આ માનવ નિર્મિત જંગલોમાં જંગલી પ્રાણીઓ આવીને વસવાટ કરતા થયા એ લક્ષ્યાંક પણ અમારો.

'દાદ' કહે આ જગતમાં સંતોષી એક ઝાડ,
એક મૂળીએ પાણી પાવ ત્યાં રાજી સઘળી ડાળ.

અમે મોટાભાગે ગામની ગૌચર અને સ્મશાનની જગ્યામાં વૃક્ષો વાવી ઉછેરવાનું કરીએ.. જે ગ્રામવનોમાં વૃક્ષો ઉછરી રહ્યા છે તેની વિગતઃ

| ક્રમ | ગામનું નામ | તાલુકો | ટોટલ વાવેલ વૃક્ષો | હયાત વૃક્ષો |
|---|---|---|---|---|
| ૧ | વજાપુર | નવાભાભર | ૮,૦૫૦ | ૬,૦૦૪ |
| ૨ | કામોડી | ડીસા | ૧૬,૦૨૦ | ૭,૦૦૦ |
| ૩ | ઘોડાસર | થરાદ | ૯,૫૪૨ | ૮,૨૯૪ |
| ૪ | મોરિલા | થરાદ | ૧૧,૮૧૦ | ૬,૬૫૨ |
| ૫ | કુડા | ભાભર | ૧૩,૮૧૭ | ૯,૯૩૮ |
| ૬ | રાહ-૨ | થરાદ | ૧૩,૦૦૦ | ૬,૪૮૫ |
| ૭ | વાવધરા | દાંતીવાડા | ૬૧,૫૦૦ | ૬૧,૨૯૧ |
| ૮ | રામસીડા | વાવધરા | ૧૬,૦૦૦ | ૧૫,૫૩૧ |
| ૯ | બેવટા | થરાદ | ૯,૯૮૬ | ૮,૯૨૩ |
| ૧૦ | કનાઈ | હિંમતનગર | ૫,૨૦૦ | ૪,૦૨૧ |
| ૧૧ | વસઈ | ઇડર | ૯,૬૧૦ | ૯,૪૫૩ |
| ૧૨ | ઘડી | પ્રાંતિજ | ૪,૬૬૫ | ૪,૪૫૩ |
| ૧૩ | ચોટાસણ | ઇડર | ૫,૩૫૦ | ૫,૩૫૦ |
| ૧૪ | ફુદેડા | વડાલી | ૬,૪૦૦ | ૬,૪૦૦ |
| ૧૫ | ફુદેડા | વડાલી | ૪,૮૦૦ | ૪,૮૦૦ |
| ૧૬ | ઇડર | ઇડર | ૪,૧૨૩ | ૪,૦૪૭ |
| ૧૭ | જોરાપુર | ધાનેરા | ૩,૫૪૫ | ૩,૫૧૦ |
| ૧૮ | કતપુરા | પ્રાંતિજ | ૫,૮૨૪ | ૫,૮૨૪ |
| ૧૯ | કિશોરગઢ | ઇડર | ૨,૭૬૬ | ૨,૭૬૬ |
| ૨૦ | રામવાસ | ડીસા | ૨૩,૧૪૦ | ૨૩,૧૪૦ |
| ૨૧ | બિયોક | વાવ | ૪,૮૦૦ | ૪,૮૦૦ |
| ૨૨ | આંતરનેશ | સાંતલપુર | ૬૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| ૨૩ | વાતમ(જૂના) | દિયોદર | ૬,૪૦૦ | ૬,૪૦૦ |
| ૨૪ | માલસણ | થરાદ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૨૫ | રવિયાણા | કાંકરેજ | ૧,૯૦૦ | ૧,૯૦૦ |
| ૨૬ | અમીરગઢ | અમીરગઢ | ૨૦,૧૦૦ | ૨૦,૧૦૦ |

| ક્રમ | ગામનું નામ | તાલુકો | ટોટલ વાવેલ વૃક્ષો | હયાત વૃક્ષો |
|---|---|---|---|---|
| ૨૭ | ખીમાણા | કાંકરેજ | ૧,૭૫૦ | ૧,૭૫૦ |
| ૨૮ | વડગામડા | થરાદ | ૭,૪૦૦ | ૭,૪૦૦ |
| ૨૯ | ખેરોલ | હિંમતનગર | ૪,૧૨૩ | ૪,૧૨૩ |
| ૩૦ | રાજપુરિયા | અમીરગઢ | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩૧ | લુણવા | પાલનપુર | ૮,૦૦૦ | ૮,૦૦૦ |
| ૩૨ | વરણોસરી | સાંતલપુર | ૪,૮૦૦ | ૪,૮૦૦ |
| ૩૩ | લોડપા | દાંતીવાડા | ૮,૦૦૦ | ૮,૦૦૦ |
| ૩૪ | રામસીડા | દાંતીવાડા | ૭,૨૦૦ | ૭,૨૦૦ |
| ૩૫ | ભાટલીકોઠા | દાંતીવાડા | ૪,૮૦૦ | ૪,૮૦૦ |
| ૩૬ | માંગરોળ | થરાદ | ૬,૪૦૦ | ૬,૪૦૦ |
| ૩૭ | અલવાડા | ધાનેરા | ૮,૦૦૦ | ૮,૦૦૦ |
| ૩૮ | કોટડા | દિયોદર | ૬,૪૦૦ | ૬,૪૦૦ |
| ૩૯ | વાતમ નવા | લાખાણી | ૭,૦૦૦ | ૭,૦૦૦ |
| ૪૦ | ડુંગળી | ઇડર | ૨,૬૩૫ | ૨,૬૩૫ |
| | **કુલ** | | **૪,૩૪,૯૪૬** | **૪,૦૩,૬૦૨** |

વર્ષો વિતે વૃક્ષ થતું જ વૃધ્ધ;
શાખા-પ્રશાખા અતિશે પ્રવૃધ્ધ,
ફૂલે ફળે ને લચતું રસાળ;
છાયાય કંઈ વિસ્તરતી વિશાળ!

તાપે તપે ને તપ એનું તેજ;
ચોપાસ જાણે ઘટતો જ ભજે,
પાસેનું સર્વે રસહીન થાય;
તો મૂળ ઊંડા અતિદૂર જાય!

છાયા તળે જીવ બધાં અજાણ,
કોને કયહીંથી કંઇ હોય જાણ?
માળે બધાં પંખી કરે કલોલ, એ
એકલું એમજ કંઇ અબોલ!

જોયાં કરે વાટ, કરાલ કાળ-
ઉન્મૂલ ક્યારે કરશે કૃપાળ!

**- રાજેન્દ્ર શુકલ**

### જે ગ્રામવનોમાં વૃક્ષો ઉછરી રહ્યા છે, એમાંના કેટલાક ગ્રામવનોની વાતો..

# જીવતી વાડને ન કાપીએ



*વજાપુર સ્મશાનમાં વાવેલા વૃક્ષો સરસ ઉછર્યા. ગ્રામજનોએ આ કાર્યમાં નિમિત્ત બનવા KRSF અને VSSM ટીમનો આભાર માન્યો*

બનાસકાંઠાનું વજાપુર મજાનું ગામ. ગામના સ્મશાનમાં વૃક્ષો વાવી ઉછેરવા માટેનું આમંત્રણ VSSM સંસ્થાને મળ્યું. KRSF આ કાર્યમાં VSSM ને મદદ કરે એટલે કૃષ્ણ વીણા ગ્રામવન વજાપુરમાં કરવાનું નક્કી કર્યું.

ગામના સ્મશાનમાં ગાંડો બાવળ ગામે એ કઢાવ્યો. ને પાણીની વ્યવસ્થા કરી. એ પછી ૬000 ઉપરાંત વૃક્ષો વાવી, ડ્રીપ કરી, પગારદાર માણસ વૃક્ષોની દેખરેખ રાખવાનું અમે કર્યું. વૃક્ષો વાવતા પહેલા ગ્રામજનોને વૃક્ષ અંગે વાતો કરીએ. ઉત્તર ગુજરાતમાં ધીમે ધીમે કાંટાળી વાડ કાઢી ખેડૂતો તાર ફેન્સીંગ કરવા માંડ્યા છે. જેમાં ઘણા વૃક્ષો કપાય. પણ KRSF અને VSSM ના સતત પ્રયત્નોથી હવે લોકોમાં જીવતી વાડ પ્રત્યે જાગૃતિ આવી છે. વજાપુરમાં વાવેલા વૃક્ષો જોવા VSSM ટીમ ગઈ ત્યારે ગામના આગેવાન હીરાભાઈની મજાની વાત ગામલોકોએ કહી, ‘હીરાભાઈ ગામ લોકોને જીવતી વાડ કાઢવાની મનાઈ કરે એ કહે, તારની વાડમાં ઘણા ઝાડ કાપવા પડે. નાના જીવો હાલની આપણી જીવતી વાડમાં રહે એમનો આશરો જતો રહે. એમની વાત માની અમે તારની વાડ નથી કરી.’

કેવી મજાની વાત..

ગામના સ્મશાનમાં વૃક્ષોનો સરસ ઉછેર જોઈ મન હરખાયું.

અમારા વૃક્ષમિત્ર પણ દિવસ આખો સ્મશાનમાં રહે ને જબરુ મથે. મોતીભાઈ ને ગામના સરપંચશ્રી પણ સ્મશાનમાં રોજ આંટો મારે ને ઝાડના ખબર પૂછે... કદાચ એટલે જ વાવેલા ઝાડ સરસ ઉછર્યા..

આદરણીય પ્રતુલભાઈ શ્રોફ કહે, વૃક્ષ પાસેથી ઘણું શીખવા જેવું. ગાંધીજી જેમ કહેતા ‘મારું જીવન એજ મારો સંદેશ’ કદાચ વૃક્ષ પણ એજ કહે છે. વૃક્ષને કાપવા આવનારને પણ એ છાંયડે બેસવાની ના નથી પાડતું.. અમને આનંદ છે કે ફાઉન્ડેશન તરીકે અમે આટલી મોટી સંખ્યામાં વૃક્ષો વાવી ઉછેરી શક્યા.

# ધરતી માને તાવ આવ્યો, અમે પોતા મૂકવાનું કરીએ



*એક વખત ગાંડા બાવળથી ભરેલું મોરીલા ગામનું સ્મશાન આજે સરસ મજાના વૃક્ષોથી લહેરાઈ રહ્યું છે*

*માનવ કેરા હૈયા એવા તે મન ભરી હરખાતા*
*જ્યારે મેઘરાજા ઋતુ અનુસાર આવીને વરસતા,*
*ગ્લોબલ વોર્મિંગ કેરો માતમ એવો તે છવાયો*
*હિમાલયની સાથે સાથે જગતનો તાત પણ ઘવાયો,*
*કુદરતના દાયરા ઓળંગી બહાર જેવો રે તુ નીકળ્યો*
*માનવી તારી અનેક હજાર ભૂલથી અડગ હિમાલય પણ પીગળ્યો,*
*હે માનવી, વિકટ સ્થિતિ સર્જાતી જોઈ હવે તો જાગી જાને*
*પોતાના માટે કંઈ નહીં તો ભાવી પેઢી માટે શાણો થાને.*

સુજલ પટેલ લિખિત આ કવિતા આપણી ગ્લોબલ વોર્મીંગની સમસ્યા સામે આજે આખું વિશ્વ ઝઝૂમી રહ્યું છે તે દર્શાવે છે.

અમે સૌને કહીએ કે આપણી ધરતીને તાવ આવ્યો છે. માણસને જ્યારે તાવ આવે ને એ ન ઉતરે તો દવાની સાથે સાથે માથે ભીના પોતા મૂકવામાં આવે. પણ આપણી ધરતી પર ભીના પોતા મુકવાનું ક્યારે થશે ? એ નહીં કરીએ તો



*કૃષ્ણ વીણા ગ્રામવન ૫*



*મોરીલા ગામના લોકો સાથે*

સ્થિતિ વધારે વિષમ બનતી જવાની.. અમે ભીના પોતા મુકવાનું કામ વૃક્ષો વાવી કરવાનું કરી રહ્યા છે.

VSSM સાથે મળીને અમે ગ્રામવનો કરીએ. આ સિવાય જે શાળામાં અમારા શિક્ષકો બાળકોને ભણાવે તે શાળામાં પણ બાળકો વૃક્ષ વાવી ઉછેરે એ માટે પ્રયત્ન કરીએ.

અમે બનાસકાંઠાના મોરીલામાં ગ્રામવન કર્યું. સ્મશાનમાં ૬૫૦૦ થી વધારે વૃક્ષો વાવ્યા એ પણ ઉછેરવાના સંકલ્પ સાથે..

ગામનું સ્મશાન એક વખત ભેંકાર, ગાંડાબાવળથી ભરેલું હતું. ત્યાં આજે અનેક વૃક્ષો ઉછરી રહ્યા છે. ગામના લોકો આ વૃક્ષોના છાંયડે બેસવા સ્મશાનમાં આવે છે. એ રીતે તેમને સ્મશાનનો ભય પણ ભાંગ્યો છે. સાથે અનેક જીવોએ આ ગ્રામવનમાં આસરો લીધો છે.

આપણી ધરતી મા જીવતી છે. એ જીવતી ન હોત તો અનાજ ન પાકત. અમે એને ટાઢક પહોંચે એવા કાર્યો કરી રહ્યા છીએ એનો રાજીપો...





# માનવ અધિકાર

*ભય સે ભય પાના નહીં,*
*અભય મંગ નિરધાર,*
*ડરતે કો ન ડરાવના,*
*હૈ અપના સંસ્કાર*

કવિ દુલાભાયા કાગની આ રચના ગામમાં રહેતા ગરીબ, તકવંચિત પરિવારો જેમનાથી ભય અનુભવે છે તેમના માટે. ગામમાં વર્ષોથી રહેતા તકવંચિતો તરફ ઘણા કિસ્સામાં ગામનું ધ્યાન હોતું નથી. અલબત્ત કોઈ સરકારી યોજનાની મદદ મળવાની હોય તો પણ ખરેખર વંચિત છે તેના પ્રત્યે દુર્લક્ષ સેવાતું હોય છે. એટલે જ આજે પણ દેશના કેટલાય માણસો પ્રાથમિક અધિકારો મેળવવા ઝઝૂમે. ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન નાગરિક તરીકેના અધિકારોથી વંચિત આર્થિક રીતે નબળા પરિવારોને વિવિધ કલ્યાકારી યોજનાઓની મદદ મળે તે માટે પ્રત્યક્ષ, તો ક્યાંક આ પ્રકારના કાર્યો કરતી વિવિધ સંસ્થાઓને પરોક્ષ મદદ કરે.

‘વિચરતા સમુદાય સમર્થન મંચ’ વિચરતી જાતિઓ તેમજ તકવંચિતોને નાગરિક અધિકારો મળે તે માટે પ્રયત્ન કરે, એમાં અમે અન્ય સ્વજનોની સાથે સાથે મદદ કરીએ.

માનવ અધિકારના કાર્યોમાં અમે સૌથી વધારે ભાર જેમની પાસે પોતાના ઘર નથી, તેવા પરિવારોને સરકાર દ્વારા રહેણાંક અર્થે પ્લોટ ફળવાય તેને આપ્યો છે. ઝૂંપડામાં રહેનારને પ્લોટ મળે, મકાન બાંધવા સરકારી સહાય મળે. વિજળી, પાણીની સુવિધા મળે. જીવનમાં સ્થિરતા આવે તો કેટલાક પ્રશ્નોનું સમાધાન આપો આપ આવી જાય.

'क्या है मानव के पास, जो है उसका अधिकार,
खाना, छत और रोजगार, या आजादी से जीना
नहीं ये सब तो उसकी जरुरतें हैं,
अधिकार तो केवल एक है-
वो है सम्मन से जीना
और उस सम्मान में शामिल है, बहुत कुछ
- डॉ. श्याम 'अनन्त'

આ વિભાવના અંતર્ગત VSSM ને KRSF તેમજ શ્રી રમેશ કચોલિયા તેમજ અન્ય સ્વજનોના પ્રયત્નોથી પાછલા એક વર્ષમાં થયેલા કામની ઝાંખી.

**૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિ**

| ક્રમ | અરજીની વિગત | અરજી કરેલ પરિવારોની સંખ્યા | કુલ વ્યક્તિ |
|---|---|---|---|
| ૧ | રહેણાંક અર્થે પ્લોટ | ૨,૭૪૭ | ૧૩,૭૩૫ |
| ૨ | વીજ કનેક્શન | ૧૧૦ | ૫૫૦ |
| ૩ | પાણી કનેક્શન | ૨૯૦ | ૧,૪૫૦ |
| ૪ | અન્ય | ૪,૮૩૨ | ૨૪,૧૬૦ |
| | **કુલ** | **૭,૯૭૯** | **૩૯,૮૯૫** |

## અમારા શિક્ષકોએ બાળકોને ભણાવતા ભણાવતા કરેલા કાર્યો

વિવિધ સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટની પૂર્તતા KRSF કરે. ૮૦૦ થી વધારે શાળામાં ફાઉન્ડેશને મુકેલા શિક્ષકો કાર્યરત. આ શિક્ષકો પોતાની શાળામાં ભણવા આવતા બાળકોના પરિવારના આયુષ્માન કાર્ડ, જે બાળકના માતા પિતા ગુજરી ગયા હોય તેમને પાલક માતા પિતા યોજનાની મદદ અને એ સિવાય અનાજ મળે તેવું રેશનકાર્ડ અપાવવા મથે.

**અમારા શિક્ષકોએ બાળકોને ભણાવતા ભણાવતા અત્યાર સુધી ઉપરોક્ત ત્રણ વિગતે કરેલા કાર્યોની નોંધઃ**

| ક્રમ | યોજનાનું નામ | મળેલા પરિણામની સંખ્યા |
|---|---|---|
| ૧ | આયુષ્યમાન કાર્ડ | ૧૫,૪૮૮ પરિવારોને કાર્ડ અપાવ્યા |
| ૨ | પાલક માતા પિતા યોજનાની મદદ | ૩૯ બાળકોને આ મદદ અપાવી |
| ૩ | રેશનકાર્ડ | ૬૯૦ પરિવારોને અનાજ મળે તેવું રેશનકાર્ડ અપાવ્યું |

**ઘણા કહે શિક્ષણ મજબૂત હથિયાર છે જેનાથી આપણે આખા જગતને બદલી શકીએ. અમે શિક્ષણને હથિયારની જગ્યાએ સાધન કહેવાનું વધુ પસંદ કરીએ. આ એવું સાધન- ઓજાર છે જેના હકારાત્મક ઉપયોગથી જગતની તમામ મુશ્કેલીઓ દૂર કરી શકાય છે.**

**KRSFની મદદથી અનેક તકવંચિતોની વિવિધ કલ્યાણકારી યોજનાની મદદ મેળવવા અરજીઓ થઈ છે. એમાંના કેટલાક પરિવારોની સ્થિતિની વાત...**

# પહેલી પેઢીને રેશનકાર્ડ મળ્યા



*જેમની કેટલીયે પેઢીઓએ કદી રાશનકાર્ડ જોયું નથી, તેમને KRSF સાથે મળી VSSMએ રાશનકાર્ડ અપાવ્યા*

વિચરતી જાતિઓને તેમજ તકવંચિત પરિવારોને આ દેશના નાગરિક તરીકે આધારો, વિવિધ યોજનાઓની મદદ મળે તે માટે VSSM સતત પ્રયત્ન કરે.

આ કાર્ય માટે વિવિધ જિલ્લામાં સંસ્થાના કાર્યકરોની ટીમ ખૂબ મથે. ટીમ પાછળ ખર્ચ પણ ઘણો થાય. સામાન્ય રીતે આવા કાર્યોમાં મદદ કરનાર લોકોની સંખ્યા એકદમ આંગળીના વેઢે ગણાય એટલી.

મોટાભાગના સ્વજનોને ઘર બાંધકામ, કોઈને જમાડવું, શિક્ષણ આપવું આ પ્રકારના કાર્યોમાં મદદ કરવી ગમે. પણ કોઈને માનદ વેતન આપવામાં કે પ્રવાસ ખર્ચમાં મદદ કરવી ઓછી ગમે.. દરેકની પોતાની એક વિચારસરણી એટલે એ યોગ્ય પણ ખરું...

પણ અમને હંમેશા લાગે કે સરકાર વંચિતો માટે જે બજેટ ફાળવે તે યોગ્ય રીતે ખર્ચાય તો સમાજના સીધી રીતે ખર્ચાતા પૈસા બચે.. ટેક્સ રૂપે આપણે જે ભરીએ એમાંથી જ વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં પૈસા ખર્ચાય ત્યારે એ નાણાં પણ યોગ્ય રીતે ખર્ચાય એ જોવું જરૂરી..

VSSMને અમે તેમના કાર્યકરોની ટીમને મજબૂત કરવા તેઓ માનવ અધિકારના કાર્યો કરી શકે તે માટે મદદ કરીએ. અમે માનીએ કે, ‘આપણા નાણાંની સાથે સરકારની સહાય ભળે તો કામ બમણું અથવા એનાથીયે અનેક ઘણું થઈ જાય.

KRSF અને અન્ય સ્વજનોની મદદથી VSSM આજે અનેક પરિવારોને મતદાર કાર્ડ, રેશનકાર્ડ, રહેવા પ્લોટ, જાતિ પ્રમાણપત્ર,



આણંદનાં સારસા ગામના સલાટ પરિવારોને રાશનકાર્ડ મળ્યા

રહેણાંક અર્થે પ્લોટ, ઘર માટે સહાય ટૂંકમાં અનેક પ્રકારની કલ્યાણકારી યોજનાની મદદ અપાવી શક્યું છે.

આણંદના સારસા ગામમાં સલાટ પરિવારો ગામના છેવાડે ઝૂંપડામાં રહે. ઓળખના આધારો કઢાવવામાં KRSF નિમિત્ત બન્યું. રેશનકાર્ડ પણ આ પરિવારોને મળ્યા. અમારા પ્રતુલભાઈ શ્રોફ સામે આ પરિવારોએ કાર્ડ મળ્યાનો હરખ વ્યક્ત કર્યો ને હવે અમને ઝટ પ્લોટ પણ મળશે એવું કહ્યું. રેશનકાર્ડના લીધે મળતા અનાજથી આ પરિવારોને ટેકો થયો..

એમના ચહેરા પરનો આનંદ જોઈને અમે પણ રાજી..

કોઈ માટે રેશનકાર્ડ આટલું મહત્વનું એ એમને પ્રત્યક્ષ મળીએ ત્યારે ખ્યાલ આવે. અમને આનંદ છે ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન VSSM ના માધ્યમથી અનેક પરિવારોના સુખમાં નિમિત્ત બની રહ્યું છે



સલાટ પરિવારોના ઝુંપડાની મુલાકાતે વિચારતા સમુદાય સમર્થન મંચ (VSSM) ના મિત્તલ પટેલ

# ઝડપથી પ્લોટ ફાળવાય એમ ઈચ્છીએ



*ભાવનગરના ટાણામાં રહેતા તકવંચિત પરિવારો સાથે*

'ટાણામાં દેવીપૂજક અને નાથબાવાની વસતિ ઘણી પણ નાથબાવા પરિવારોમાં વિધવા બહેનોની સંખ્યા વધારે..'

'કેમ આવું ?'

'દારૂનું વ્યસન' સાંભળીને દુઃખ થયું. ખબર છે વ્યસનથી બરબાદી થાય છતાં લોકો એ સમજતા કેમ નહીં હોય એ પ્રશ્ન સતત થાય..

ભાવનગરના સિહોરના ટાણામાં રહેતા આ બેય સમુદાયના ઘરવિહોણા પરિવારોને પ્લોટ ફળવાય તે માટે VSSM એ રજૂઆત કરી. ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન VSSM ને દેશના તકવંચિત નાગરિકોને નાગરિક તરીકેના અધિકારો મળે તે માટે મદદ કરે. સંસ્થાની રજૂઆતના પગલે સરકારે પ્લોટ ફાળવવાની પ્રક્રિયા હાથ ધરી.

ગામના તલાટી શ્રી, સરપંચ શ્રી તેમજ અન્ય સ્વજનો પણ આ પરિવારોને મદદ કરે. ટાણામાં રહેતા આ પરિવારોની વસાહતમાં પાક્કો રોડ, સ્ટ્રીટ લાઈટની સુવિધા નહીં. આ અંગે પણ સરકારમાં રજૂઆત કરી. આ પરિવારોની રહેણાંકની સ્થિતિ દયનીય. એમાંય નાથબાવાની હાલત તો જોઈને જીવ બળે એવી. ટાણામાં વર્ષોથી રહે પણ એમના ઘર ન થયાનો વસવસો આ પરિવારોને કાયમનો...

ટૂટે હુએ સપનો કી કૌન સુને સિસકી

અંતર કી ચીર વ્યથા પલકોં પર ઠિઠકી - અટલબિહારી બાજપાઈની કવિતા જેવી જ હાલત આ પરિવારોની.

મુખ્યમંત્રી શ્રી તેમજ કલેક્ટર શ્રી અને વહીવટી તંત્રની લાગણીથી આ પરિવારોને પ્લોટ ફાળવણીનું કામ આગળ વધી રહ્યું છે. બસ ઝડપથી એ મળે એમ ઈચ્છીયે... તેમને પ્રાથમિક સુવિધાઓ અપાવવામાં નિમિત્ત બની રહ્યાનો અમને આનંદ

# 600 નિરાધાર માવતરો સાથે દિવાળી



*જે માવતરોને દર મહીને આપીએ છીએ તેવા કેટલાક માવતરની ઝાંખી*

દિવાળી કેવી રીતે ઊજવો કાકા? ને ધરમશીકાકાએ કહ્યું, અમારી પાસે ક્યાં એવી સગવડ. મીઠાઈ ગમે ખરી પણ ખરીદવા પૈસા નહીં. એટલે અમે તો ગોળનું પાણી બનાવી એમાં સુવાળીઓ (પુરી) બનાવી હોય એને બોળી દઈએ. એ અમારી મીઠાઈ...

સાંભળીને આંખો ભીની થઈ ગઈ...

ધરમશીકાકા જેવા ૬૦૦ માવતરોને અમે દર મહિને રાશન આપીએ. તેમની દિવાળી સુધરે એ પણ જોવાનું. એટલે દર વર્ષે દિવાળી નિમિત્તે તમામ માવતરોને મીઠાઈ, ગોળ, ઘી, સોજી, ઘઉંનો જાડો લોટ, ચણાનો લોટો અને દર મહિને આપીએ એના કરતા તેલ વધારે આપીએ જેથી એ એમને ગમતી મીઠાઈ બનાવી શકે...

આ વર્ષે મીઠાઈ આપવાના કાર્યમાં અનેક સ્વજનોએ મદદ કરી એ સૌના આભારી છીએ.

તમે તમારી દિવાળીની સાથે સાથે આ માવતરોની દિવાળી પણ ઝગમતી કરી એનો રાજીપો...

૬૦૦ માવતરો અને VSSM થકી થતા અનેક સેવા કાર્યોમાં નિમિત્ત બનનારા આપ સૌ સ્વજનો પ્રત્યે કૃતજ્ઞતા...

ઈશ્વર તમને ખુબ સુખ આપે ને એ સુખ તમે હરખભેર અન્યોને વહેંચી શકો એવી સમજણ પણ આપે તેવી પ્રાર્થના...

# રામભાઈને રામ મળ્યા



*સમયસર આયુષ્માન કાર્ડ કઢાવ્યું જેના કારણે રામભાઈ મોડા ખર્ચમાં ઉતરતા બચ્યા આવા રામભાઈની KRSF ટીમે મુલાકાત લીધી*

ખેડબ્રહ્મા તાલુકાનું ખેરોજ ગામ. પોશીના ક્લસ્ટરનું સુંદર અને રઢીયાળું ગામ. ગામમાં શિક્ષકની ઘટ. આ ઘટને KRSF એ શીતલબેન પંચાલને મૂકીને પૂરી કરી.

છેલ્લા ત્રણ વર્ષથી શીતલબેન બહુ સારી રીતે સંસ્થાના મૂલ્યો અને DNA ને ધ્યાનમાં રાખીને બાળકોને ભણાવે. વાંચન, લેખન અને ગણનમાં કાચા વિદ્યાર્થીઓને પાવરધા કર્યા. સાથે સાથે તેઓ બાળકોનાં પર્યાવરણ અને સંસ્કાર સિંચનના અલાયદા વર્ગો લે.

વેકેશનનો સમય આવ્યો. સંસ્થાનું પાંચમું મુલ્ય 'ગામનો સર્વાંગી વિકાસ' આ બાબતે તેમને ગામના બધાના આયુષ્માન કાર્ડ કાઢવાનું કહેવામાં આવ્યું. ઉનાળાની કાળઝાળ ગરમીમાં



*શીતલબેન બાળકોને વાંચન, લેખન-ગણન અને સંસ્કાર સિંચનની સાથે પર્યાવરણ પણ ભણાવે.*

લોકો તેમનું કામ થતું હોવા છતાં કાર્ડ કઢાવવા ના આવે. શીતલબેન ઘરેઘરે જઈને તેમનું કાર્ડ કાઢવાના પ્રયત્નોમાં લાગી ગયા. ક્યાંક ઓપરેટર દ્વારા, તો ક્યાંક પોતે જાતે જ લાગી જાય કાર્ડ કાઢવા, અને બધાના કાર્ડ નીકળી ગયા ત્યારે શીતલબેનને થયું કે મારા પરિવારમાં પણ કોઈની પાસે આયુષ્માન કાર્ડ નથી, તેમના પણ કાર્ડ નીકળવા જોઈએ. તેમણે તેમના પણ કાર્ડ નીકાળ્યા.

પેલી પંક્તિ છે ને કે "ના જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે ?" કાર્ડ નીકળ્યાના પાંચમાં જ દિવસે તેમના સસરાને હાર્ટ એટેક આવ્યો. તેમના પતિ લઈને હોસ્પિટલ ગયા. પણ મનમાં તો તે જ ફર્યા કરતુ હતું કે પૈસા ક્યાંથી લાવીશું ? ત્યાં જ તેમને શીતલબેને આયુષ્માન કાર્ડમાં થઇ જશે તે વાત કરી, તો તેમના જીવમાં જીવ આવ્યો. આ આયુષ્માન કાર્ડ તેમના કામમાં આવી ગયું. નહિ તો તેમને ૩ લાખ રૂપિયા કઈ રીતે લાવવા તે પ્રશ્ન ઉભો થાત. પણ, શીતલબેને બીજાનું વિચારીને કામ કર્યું તો તેમનું કામ પણ એની રીતે થઇ ગયું.

અમારા પ્રતુલભાઈ નિયમિત બધાની અપડેટ લે. જયારે તેમને આ વાત સાંભળી, તેઓ સાબરકાંઠાની શાળાઓની મુલાકાતે આવ્યા ત્યારે, શીતલબેન અને તેમના સસરાને મળીને ખુશી વ્યક્ત કરી...



*આયુષ્માન કાર્ડ રામભાઈને વરદાનરૂપ સાબિત થયું*

**મા-બાપની આંગળી છોડી બાહ્ય પરિસરના પરિચયમાં બાળક શિક્ષક થકી આવે. શિક્ષક શિલ્પીની ભૂમિકામાં આવે તો એને જેવું ઘડવું હોય તેવું ઘડી શકે...**

# મળેલું સુખ વહેંચવું – KRSF દ્વારા વિવિધ સંસ્થાઓને સહયોગ

"માત્ર સ્વનો વિચાર કરવો એ હિંસા. 'સર્વ'નો ખ્યાલ રાખીને જીવવું એ અહીંસા." ગાંધીજીએ કહેલી આ વાત કેટલી સચોટ. અમે પણ આ વાતને અનુસરીએ માટે જ અન્યોના કલ્યાણમાં નિમિત્ત બનીએ. કેટલાક કાર્યો અમે સીધા કરીએ તો ક્યાંક વિવિધ સંસ્થાઓ જેઓ પણ સમગ્ર જીવસૃષ્ટિના કલ્યાણના કાર્યો કરતી હોય એમાં નિમિત્ત બનીએ. આ નિમિત્તનો આનંદ મોટો...

અમે વિવિધ સંસ્થાઓ સાથે જે કાર્યો કરીએ એની ઝાંખી...

| સંસ્થાનું નામ | ક્યા પ્રકારની પ્રવૃતિમાં સંસ્થાને મદદ કરીએ તેની વિગત |
|---|---|
| VSSM - વિચરતા સમુદાય સમર્થન મંચ | શિક્ષણ, સ્વાવલંબન (રોજગારલક્ષી પ્રવૃતિઓ), માનવ અધિકાર અને પર્યાવરણ સંવર્ધનના કાર્યો માટે સહાય |
| આશ્રય ચેરીટેબલ ટ્રસ્ટ | બાળકોના શિક્ષણ અને રખ-રખાવ, રોજગાર-લક્ષી કાર્યો માટે આર્થિક તેમજ મેનેજમેન્ટ સહયોગ |
| સર્વાંગી વિકાસ ટ્રસ્ટ | બાળકોના શિક્ષણ અને રખ-રખાવ, રોજગાર-લક્ષી કાર્યો માટે આર્થિક તેમજ મેનેજમેન્ટ સહયોગ |
| જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ | બાળકોના શિક્ષણ અને રખ-રખાવ, રોજગાર-લક્ષી કાર્યો માટે આર્થિક તેમજ મેનેજમેન્ટ સહયોગ |
| લોકમંગલમ ચેરીટેબલ ટ્રસ્ટ | બાળકોના શિક્ષણ માટે આર્થિક સહયોગ |
| વિદ્યાભારતી ફાઉન્ડેશન | બાળકોના શિક્ષણ માટે આર્થિક તેમજ મેનેજમેન્ટ સહયોગ |
| SMG | શિક્ષણ પ્રોજેક્ટના મેનેજમેન્ટ માટે સહાય |
| ગ્રામ સેવા ટ્રસ્ટ | બાળકોના શિક્ષણ માટે આર્થિક તેમજ મેનેજમેન્ટ સહયોગ, હેલ્થકેર પ્રોજેક્ટ માટે આર્થિક સહાય |
| ઓપન લિંક ફાઉન્ડેશન | છતીસગઢ અને મહારાષ્ટ્રમાં એપ દ્વારા શિક્ષણમાં સુધારા લાવવાના પ્રોજેક્ટ માટે આર્થિક સહયોગ |
| નવગુરુકુલ | વોકેશનલ શિક્ષણ માટે મેનેજમેન્ટ અને આર્થિક સહયોગ |
| પ્રજ્ઞાચક્ષુ | દિવ્યાંગ દિકરીઓના શિક્ષણ માટે આર્થિક સહયોગ |
| ભગવતી ફાઉન્ડેશન | ફાઉન્ડેશન શિક્ષણક્ષેત્રે કામ કરે. અમે બાળકોના શિક્ષણમાં, શિક્ષકોની તાલીમમાં સહયોગ કરીએ |

પરિવર્તન
ડિસેમ્બર, ૨૦૨૪

### વિવિધ સંસ્થાઓને મદદ કરીએ, આ મદદ મેળવનાર સંસ્થાઓના કાર્યોની વિગત

## ગ્રામશિલ્પી અશોકભાઈને KRSF ના ટેકાથી રાહત થઈ



*બાળકોને ભણાવી રહેલા કરુઠા ગામના ગ્રામશીલ્પી અશોકભાઈ*

‘હું મજૂરી કરીને જાતે ભણ્યો. એ વખતે મનમાં એવું થતું કે મને પડી એવી તકલીફ અન્ય બાળકોને ન પડે તેવું કંઈક કરીશ. પણ, કેવી રીતે? એ સમજાતું નહોતું. આ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠમાં હું એમ.એ બી.એડ. ભણવા આવ્યો. ત્યારે ગાંધી વિચારથી પ્રભાવીત થયો. એક ગામ પકડી એ ગામના વિકાસના કામોમાં લાગવાનું નક્કી કર્યું. આ માટે વિદ્યાપીઠ ગ્રામશીલ્પી કાર્યક્રમ ચલાવે, તે મે પણ એ કાર્યક્રમ અંતર્ગત ગ્રામશીલ્પી તરીકે કામ કરવાનું નક્કી કર્યું.

૨૦૧૦ થી સુરતના કરુઠાગામમાં છાત્રાલય શરૂ કરી. મારુ ગામ કરુઠાથી ૧૦ કી.મી. દૂર દઢવાળા. અમારા આ વિસ્તારમાં જે બાળકોને ભણવાની તકલીફ હતી તે બાળકોને કરુઠામાં ચાલતા અમારા છાત્રાલયમાં લાવ્યો.

શરૂઆતમાં આ વિસ્તારમાં સેવાકાર્યો કરતા પરિમલભાઈએ મદદ કરી. પણ સપનું મોટુ હતું. બાળકો છાત્રાલયમાં ભણવા આવે તો હુ ના ન પાડુ. સમાજ પાસેથી મદદ માંગીને છાત્રાલય ચલાવીએ. નોકરી કરીને આપણે આપણું ભલું કરીએ. મારે મારા સિવાય અન્યોનું પણ ભલું કરવું હતું માટે ગામ વિકાસના કામો કરવાનું મે પસંદ કર્યું.

અત્યારે છાત્રાલયમાં ૧૩૫ થી વધુ બાળકો ભણી રહ્યા છે. સમાજ સહયોગ કરે પણ ઘણો સમય લોકોનો સહયોગ મેળવવામાં જતો. પણ પાછલા બે વર્ષથી ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશને અમને આ કાર્યમાં આર્થિક મદદ કરી એનાથી



કરુઠા ગામની હોસ્ટેલમાં રહી ભણી રહેલા તક વંચિત બાળકો જેમના નિભાવ ખર્ચમાં KRSF મદદ કરે

મને ઘણી રાહત થઈ. મારે હવે આર્થિક બાબતે બહુ ચિંતા નથી કરવી પડતી.

છાત્રાલયના નિભાવ ખર્ચ ઉપરાંત જે શિક્ષકો, ગૃહમાતા રાખ્યા એમના મહેનતાણામાં પણ ફાઉન્ડેશન મદદ કરે. સાથે સાથે એમણે અમારા આ શિક્ષકો અને બાળકોને કેવી રીતે ગુણવત્તાલક્ષી શિક્ષણ આપી શકાય એની તાલીમ પણ આપી જેનાથી, બાળકો રસપૂર્વક આજે ભણી રહ્યા છે.

સુરતના કરુઠાગામમાં પલાંઠી વાળી ગ્રામ શિલ્પી તરીકે કામ કરતા અશોકભાઈએ ખુબ હરખ સાથે KRSF નો આભાર માની આ વાત કરી. KRSF અશોકભાઈ જેવા અનેક કાર્યકરો, સંસ્થાઓને મદદ કરે છે. જેથી, તેઓ તેમણે જે મિશન લઈને ગ્રામોત્થાન નું કામ કરવાનું નક્કી કર્યું છે તેમાં સફળ થાય.

અશોકભાઈના સમણાં મોટા છે એ સાકાર થાય તેવી શુભભાવના...



બાળકોને ખાતર કઈ રીતે બને તે શીખવાડતા અશોકભાઈ

# કે.આર.શ્રોફ સેવા સદનના નિર્માણમાં નિમિત્ત બન્યાનો હરખ



*સદવિચાર પરીવાર સંસ્થાએ KRSF અને અન્ય સ્વજનોની મદદથી ડૉ. કે.આર.શ્રોફ સેવા સદન બનાવ્યું જ્યાં હવે હજારો લોકોની સેવા થશે*

યજ્ઞનું આપણા ધર્મમાં ઘણું મહત્વ. ગાંધીજીએ યજ્ઞની બૃહદ વ્યાખ્યા આપતા કહેલું, 'યજ્ઞ એટલે આ લોકમાં કે પરલોકમાં કંઈ પણ બદલો ઈચ્છ્યા વગર પરાર્થે કરેલું કોઈ પણ કર્મ. જે કર્મ થકી વધારે જીવોનું વધારે ક્ષેત્રમાં કલ્યાણ થાય. વળી એવું કર્મ જેને જોઈને એવું જ કાર્ય વધારે મનુષ્ય સહેલાઈથી કરી શકે ને એનાથી વધારે લોકો કે જીવોની સેવા થાય. આ કર્મને હું મહાયજ્ઞ અથવા સારામાં સારો યજ્ઞ માનુ' યજ્ઞની આ વ્યાખ્યા અમારા મનમાં બરાબર બેસી ગઈ.

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન ઘણી સેવા પ્રવૃત્તિ સીધી કરે તો ઘણામાં કોઈએ હવનમાં પકડેલા સુચિસર્વાની જેમ સૌ નાડાછડી પકડે અને નાળિયેર હોમવાની પ્રક્રિયામાં સહભાગી બને એમ સહભાગી બનીએ.




સદવિચાર પરિવાર અમદાવાદની જાણીતી સંસ્થા. સંસ્થા દ્વારા વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ તેમજ વિવિધ સામાજિક પ્રવૃતિઓ થઈ શકે એ માટે એક સદનનું નિર્માણ કરવાનું નક્કી થયું. ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન આ સદનના નિર્માણમાં સહભાગી બન્યું..

સૌનું શુભ થાવોની શુભભાવના...

# વિચરતી જાતિના બાળકોના ભવિષ્ય નિર્માણમાં સહભાગી



*વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા પાનસર મુકામે બની રહેલા વલ્લભ વિદ્યા વિહારના નિર્માણમાં KRSF સહભાગી બન્યું આ સંકુલમાં આવનારા વર્ષોમાં હજારો બાળકો ભણશે*

દિવાળી ખુશીઓનું પર્વ... કહેવાય છે રાજીપો કે સુખ જેટલું વહેંચીએ એટલું વધે. ડૉ.કે.આક.શ્રોફ ફાઉન્ડેશન સુખ વહેંચવાનું કાર્ય કરે.

બાળકોના ઘડતરનું કામ અમારું સૌથી ગમતું. એ તો અમે કરીએ. પણ અમારી જેમ સારુ કાર્ય કરનારી સંસ્થાઓને મદદ પણ કરીએ.

VSSM - વિચરતી જાતિઓના કલ્યાણના કાર્યો વર્ષોથી કરે. ગાંધીજી જેને દરિદ્રનારાયણ, તકવંચિત કહેતા તેવા સમુદાયો- પરિવારો સાથે કાર્ય કરે.

સંસ્થાના કાર્યકરો નિષ્ઠાવાન ને કામ પણ મજાનું. અમે VSSMની વિવિધ સેવાકીય પ્રવૃતિમાં એમની પડખે..

શિક્ષણનું કાર્ય પણ એમનું ઘણું મોટુ. ગાંધીનગરના પાનસરમાં વલ્લભ વિદ્યા વિહારનું નિર્માણ એ કરે જ્યાં હાલ ૪૨૧ બાળકો ભણે. આવનારા વર્ષોમાં ૧૦૦૦ બાળકો ભણાવવાની એમની નેમ. બસ આ નેમમાં અમે પણ જોડાયા.

હાલ દીકરા દીકરીઓ માટે હોસ્ટેલ, તેમના ભોજન માટે રસોડુ, ભોજનાલય વગેરે સુવિધાઓ ઊભી થઈ રહી છે. KRSF આ સુવિધાઓ ઊભી કરવામાં તેમજ બાળકોને યોગ્ય કેળવણી મળી રહે તે માટે શિક્ષકો મુકીને તેમની કેળવણી થાય, તેઓ સરસ જમી શકે ટૂંકમાં કહીએ તો શક્ય તમામ રીતે મદદ કરવાનું કરે.

અમને રાજીપો છે આવી રીતે અનેક બાળકોના ભવિષ્યને સુનિશ્ચિત કરવાનો..

# જીવન આનંદ ચેરીટેબલ ટ્રસ્ટ થકી દીકરીઓના ભણતરને સુનિશ્ચિત કરવા પ્રયત્ન



*દીકરીઓ ભણતર ન છોડે અને ભણીને પગભર થાય તે માટે KRSF જીવન આનંદ સંસ્થાને સહયોગ કરે*

'ગામમાં પ્રાથમિક શાળા હતી એટલે ૮ ધો. સુધી ગામમાં ભણ્યા પછી આગળ ભણવાની વ્યવસ્થા નહીં. ભણવા બીજા ગામ જવું પડે એટલે ભણવાનું છૂટી ગયું.' અમદાવાદ પાસેના ખાત્રજ ગામમાં રહેતી દિશાએ આ કહ્યું.



દિશા હાલ તો ધો.૧૨ની તૈયારી કરી રહી છે. ભણવાનું છૂટી ગયા પછી એ ૧૨ માં ધો.માં કેવી રીતે પહોંચી એ પ્રશ્ન સાહજિક થાય. વાત જાણે એમ બની, ખાત્રજમાં પ્રાથમિક શિક્ષણ પછી ઘણી દીકરીઓનું ભણવાનું છૂટી જતું. ક્યાંક સામાજિક તો ક્યાંક આર્થિક પ્રશ્નોના કારણે.

ખાત્રજમાં પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે કામ કરી નિવૃત થયેલા નંદલાલભાઈ પટેલને આ બાબત ખૂંચે. એમણે જીવન આનંદ ચેરીટેબલ ટ્રસ્ટ થકી શાળા છૂટી ગઈ હોય તેવી દીકરીઓને ભણાવવાની નેમ લીધી. કાર્ય ચાલુ કર્યું પણ આર્થિક સગવડ વગર સપના પુરા કેવી રીતે થાય?



*સંસ્થામાં વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ રહી રહેલી દીકરીઓ*

KRSF ને નંદલાલભાઈની પ્રવૃતિની માહિતી મળી. દરેક બાળક ભણે એ તો અમારી એટલે કે KRSFની નેમ. અમે એક શિક્ષક સંસ્થામાં દિકરીઓને ભણાવવા માટે મૂક્યા. જે દિકરીઓને ગાઈડન્સ આપે - ભણાવે. આ ઉપરાંત કમ્પ્યુટર ક્લાસ, સિવણ અને બ્યુટીપાર્લરના કોર્સ કરવા પણ મદદ કરી.

આજે ગામના ૧૫ દીકરીઓએ ધો. ૧૨ પાસ કર્યું. કોલેજમાં પણ કેટલીક દીકરીઓ ભણે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પણ કેટલીક દીકરીઓ તૈયારી કરે. ધો. ૮ પછી ભણવાનું છૂટી ગયેલી દિશાને પોલીસકર્મી થવું છે.

એક વખતે આકાશમાં ઊડવાની ખેવના રાખતી દીકરીઓની પાંખો ગામમાં હાઈસ્કૂલ ન હોવાના કારણે કપાઈ ગયેલી, આજે એ દીકરીઓ આકાશમાં ઉડવા માંડી છે. વળી વાત ગામની દીકરીઓ પુરતી સીમિત ન રહી. ગામમાં પરણીને આવેલી નિયતી પિયરમાં ધો. ૧૨ સુધી ભણેલી. એને કમ્પ્યુટર ક્લાસ કરીને નાનું મોટું કામ કમ્પ્યુટરને લગતુ કરવું હતું. એણે પણ કમ્પ્યુટર ક્લાસમાં પ્રવેશ મેળવ્યો. એ કહે, 'ઘરમાં પતિને આર્થિક બાબતે મદદરુપ થઈ શકાય માટે હું કમ્પ્યુટર શીખું.'

સિવણ અને બ્યુટીપાર્લરના કોર્સ કરીને ચારેક દીકરીઓ હવે ઘરમાં આર્થિક મદદ કરતી પણ થઈ છે.

KRSFના શિક્ષક રાજેન્દ્રભાઈ અને ટીમલીડર કલ્પેશભાઈની ઘણી મહેનત તેમજ સંસ્થાના પ્રમુખ ઉદયભાઈનું સતત માર્ગદર્શન. જેના લીધે આ સુંદર કાર્ય થાય.

KRSFના સ્થાપક પ્રતુલભાઈનું સંસ્થા સ્થાપવા પાછળનું વિઝન - શાળા છોડી ગયેલી દીકરીઓ ફરી ભણતી થઈ ને સપના જોતી થઈ એ જોઈને જાણે સફળ થયું.

KRSF પોતે શિક્ષણ ક્ષેત્રે ઘણું કાર્ય કરે. એ સિવાય જીવન આનંદ જેવી અનેક સંસ્થાઓને એમના કાર્યોમાં મદદ પણ કરે. અમારા પ્રતુલભાઈ હંમેશા કહે, આપણને મળેલું સુખ વહેંચીએ તો વધે. વળી કોઈ કરતું હોય એવું સમાન કામ આપણે ત્યાં કેમ શરૂ કરવું ? એ જે કરે એમાં ટેકો કરીએ તો કાર્ય કરનારને નિરાંત થઈ જાય ને એ કાર્યમાં જીવ લગાડી કામ કરી શકે. એમની આ ફીલોસોફીને પ્રણામ.

કોઈ પણ સંસ્થાનો વિકાસ તેના મુલ્યોના આધારે નક્કી થાય છે. KRSF એ ટીમ સાથે મળી સંસ્થાના પાયાના મુલ્યો તેમજ સંસ્થાનો DNA નક્કી કર્યો. મુલ્યો અને DNA અમારી સંસ્થાની કાર્ય કરવાની પધ્ધતિ દર્શાવે ને એનાથી સંસ્થાનું / કાર્યકર્તાઓનું જીવન ઘડતર પણ થાય.

## અમારા પાયાના મૂલ્યો




## સંસ્થાના DNA





**Dr. K. R. Shroff Foundation**
9, Aaryans Corporate Park, Nr. Shilaj Railway Crossing,
Thaltej – Shilaj Rd, Thaltej, Ahmedabad, Gujarat 380059, India.
Email: info@krsf.in
Contact us 72270 64000

krshrofffoundation
Dr.K.R.Shroff.Foundation
DrKRShroffFoundation
krsf.in (English)
krsf.in/gu (Gujarati)